


# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PRGI No. GUJGUJ/2016/70752

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 294
Dt.: 29-08-2026,
Saturday
Page:04
Rs.00.50 paisa


### ભયંકર પૂરનું જોખમ! ટપોટપ દુકાનો બંધ, વિસ્તારો ખાલી

# ૪૮ કલાકમાં નેપાળમાં ફરી જળ વિસ્ફોટ: વધુ એક ડેથ લેક ફાટ્યું

### રસુવાના મુખ્ય જિલ્લા અધિકારીએ કહ્યું કે ઝીલ તૂટવાની સૂચના ચીને આપી છે : ચોચેન નદી અને પુરેપુ નદીને ત્રિશુલી નદીની ઉપરી સહાયક નદીઓ તરીકે ગણવામાં આવે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમંડુ

ચીન બાજુ આવેલી એક ઝીલ શુક્રવારે ફાટી છે અને તેના કારણે ચીનની સાથે સાથે નેપાળનું પણ ટેન્શન વધ્યું છે. નેપાળમાં જોખમનું એલર્ટ બહાર પાડવામાં આવ્યું છે. ચીન તરફથી ભારે પૂરનો અંદેશો છે ત્યારબાદ નુવાકોટમાં લોકોએ પોતાની દુકાનો બંધ કરી છે. રસુવાના સીડીઓએ કહ્યું કે એવી સૂચના મળી છે કે ચીન તરફની એક ઝીલમાં તિરાડ પડી છે. ચીનમાં ચોચેન નદી અને પુરેપુ ત્સાંગપો નદીના સંગમ પાસે બનેલી એક વિશાળ ઝીલ ફાટી છે. રસુવાના મુખ્ય જિલ્લા અધિકારી નરેન્દ્ર પરિયારે કહ્યું કે ઝીલ તૂટવાની સૂચના ચીને આપી છે. ચોચેન નદી અને પુરેપુ નદીને ત્રિશુલી નદીની ઉપરી સહાયક નદીઓ તરીકે ગણવામાં આવે છે. અત્રે જણાવવાનું કે નેપાળ ત્રાસદીમાં અત્યાર સુધીમાં ૪૭૫ લોકોના મોત થયા છે. મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. બીજી બાજુ સરકારી મીડિયા મુજબ ચીને તિબ્બતમાં બચાવ અભિયાન રોક્યું છે. ત્યાં જીવલેણ કિચડ, અને કાટમાળના પ્રવાહના બે દિવસ બાદ પણ અનેક લોકો ગૂમ છે તથા ફરીથી પૂર આવવાનું જોખમ છે. પ્રશાસન તરફથી ફરીથી એકવાર એલર્ટ બહાર પાડવામાં આવ્યું છે. રસ્તાઓ પર અફરાતફરીનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્રિશુલી બજાર તરફથી આવનારા રસ્તા પર લોકો ભાગતા જોવા મળ્યા છે. તેમનું કહેવું છે કે પાછળથી સૈલાબ આવી રહ્યો છે. ડરના માર્યા લોકોએ પોતાની દુકાનો બંધ કરી લીધી છે અને પોતાના પરિવાર અને સંબંધીઓ સાથે ઉંચાણવાળા વિસ્તારોમાં જઈ રહ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે, લોકોને સતત નદી પાસેથી હટાવવામાં આવી રહ્યા છે. પાણીનો જબરદસ્ત સૈલાબ પાછળથી આવતો જોવા મળી રહ્યો છે. રેસ્ક્યૂ ટીમ લોકોને લઈને ઉંચાણવાળા વિસ્તારો તરફ જઈ રહી છે. નેપાળ અને ચીનની સરકારો સતત કહી રહી છે કે હજુ પણ જોખમ ટળ્યું નથી. આગામી ૭૨ કલાક ફુબ મહત્વના રહેશે. નેપાળમાં બુધવારે આવેલા વિનાશકારી પૂર બાદ રાહત અને બચાવ કાર્યમાં લાગેલા સુરક્ષાદળો અને સ્થાનિક લોકોને પ્રશાસને સમયસુર સુરક્ષિત સ્થળો પર જવાની અપીલ કરી છે. નેપાળ પોલીસે પણ એલર્ટ ઈશ્યું કર્યું છે. પોતાના અધિકૃત એક્સ હેન્ડલ પર લખ્યું છે કે એવી સૂચના મળી છે કે તિબ્બત તરફ પાણીનો બંધ ફાટ્યો છે. આથી તમામ સુરક્ષાદળો, રેસ્ક્યૂકર્મીઓ, જે રાહત અને બચાવ કાર્યમાં લાગેલા છે અને સામાન્ય લોકોને તરત જ સુરક્ષિત સ્થળો પર જવાની અપીલ કરવામાં આવે છે. પૂર આવવાનું આ જોખમ નેપાળ ઉપરાંત ચીન તરફ પણ બહાર પાડવામાં આવ્યું છે. ચીનના અધિકારીઓએ પોતાના વિસ્તારના લોકોને પણ સુરક્ષિત સ્થળો પર જવાનું એલર્ટ બહાર પાડ્યું છે. ત્યાં નદીના સામાન્ય જળસ્તરથી ૫ ગણું વધુ જળસ્તર વધે તેવું અનુમાન કરાયું છે. ચીને પોતાના ત્યાં જોખમવાળા વિસ્તારોમાં લોકોને નદીના તટથી ૧ કિલોમીટર દૂર જવાની અપીલ કરી છે.



### હજુ ૧૦૦થી વધુ લોકો ફસાયેલા છે

## ત્રિશૂલી ટનલમાંથી ૬૩ ભારતીયો સહિત ૩૫૦ શ્રમિકનો આબાદ બચાવ

### હાલમાં પણ વિનાશક પૂરના પાણી વચ્ચે બચાવ કામગીરી પાર પાડવી જોખમી અને પડકારજનક સાબિત થઈ રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

નેપાળમાં કુદરતના પ્રકોપ અને ભોટેકોશી નદીમાં આવેલી ભયાનક પૂરની હોનારત વચ્ચે આશાનું એક કિરણ પ્રગટ્યું છે. મોત અને જીવન વચ્ચે ઝોલા ખાતા ૩૫૦ જેટલા લાચાર શ્રમિક અને સ્થાનિક ગ્રામજનો માટે નેપાળી સેના તારણહાર બનીને આવી હતી. રસુવા જિલ્લામાં આવેલા અપર ત્રિશૂલી હાઈડ્રોપાવર પ્રોજેક્ટની અંધારી ટનલમાં ફસાયેલા ૩૫૦ કમનસીબ લોકોને સેનાએ કાળજીપૂર્વક જળપ્રવાહ અને ખરાબ મોસમ વચ્ચેથી બહાર કાઢીને નવજીવન આપ્યું છે. આ સુરક્ષિત બચાવેલા લોકોમાં ૬૩ જેટલા ભારતીય નાગરિકો પણ શામેલ છે, જેમના પરિવારજનો પોતાના સ્વજનોની એક ખબર માટે કાળજું હાથમાં રાખીને બેઠા હતા.

હાલમાં પણ વિનાશક પૂરના પાણી વચ્ચે બચાવ કામગીરી પાર પાડવી અત્યંત જોખમી અને પડકારજનક સાબિત થઈ રહી છે. રેસ્ક્યૂ અધિકારીઓના જણાવ્યા મુજબ, ટનલના ભયાનક અંધકાર વચ્ચે હજુ પણ ૧૦૦થી વધુ કમનસીબ લોકો આશા-નિરાશા વચ્ચે ફસાયેલા છે, જેમને સલામત બહાર લાવવા માટે સેનાના સાહસિક જવાનો રેસ્ક્યૂ ઓપરેશન ચલાવી રહ્યા છે. ત્રિશૂલી સ્થિત સેનાના સેકન્ડ મુવમેન્ટ ટેક્ટિકલ હેડક્વાર્ટરના વોરંટ ઓફિસર ભક્તજન બસનેટ અને સેકન્ડ લેફ્ટનન્ટ અભિષેક શાહીના નેતૃત્વ હેઠળ જુદી જુદી ટુકડીઓએ અતિ સંવેદનશીલ એવા સ્યાફ્રુબેસી, ટિમુરે, મેલુંગ અને હાકુબેસી વિસ્તારોમાંથી કુલ ૮૮૩ પીડિતોને સુરક્ષિત સ્થાને ખસેડ્યા છે.

નેપાળમાં ગત ૨૬ ઓગસ્ટે ગ્લેશિયર ફાટવાને કારણે બરફ, પથ્થરો અને મિશ્રિત કાંપના વિસર્જક પ્રવાહે માર્ગમાં આવતું બધું જ તહસ-નહસ કરી નાખ્યું હતું. આ ભયાનક આપત્તિમાં અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ લોકો કાળનો કોળિયો બની ચૂક્યા છે. અસંખ્ય ઘરો, રસ્તાઓ અને પુલ જમીનદોસ્ત થઈ ગયા છે અને હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સને નુકસાન પહોંચતાં ૪૩૧ મેગાવોટ વીજ ઉત્પાદન ઠપ થઈ ગયું છે. ચારેય તરફ સ્વજનો ગુમાવનારા લોકોનો આક્રંદ અને વિનાશનું બિહામણું દ્રશ્ય પથરાયેલું છે.

જુના ઘા હજુ તાજા છે ત્યાં જ નેપાળ પર ફરી એકવાર જળપ્રલયનો ખતરો મંડરાઈ રહ્યું છે. તિબેટ તરફ એક અસ્થાયી ડેમ/બેરીયર લેક તૂટવાના અહેવાલો મળતાં જ ભોટેકોશી અને ત્રિશૂલી નદીઓના જળસ્તરમાં ફરી વિનાશક જળસ્તર વધારાનું એલર્ટ જાહેર કરાયું છે.

નેપાળ પોલીસ અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગે રસુવા, નુવાકોટ, ધાદિંગ અને ચિતવન જેવા નીચાણવાળા કાંઠાના વિસ્તારોમાં હાઈ એલર્ટ આપી લોકોને તાત્કાલિક સલામત સ્થળે ખસી જવા અપીલ કરી છે.

## નેપાળમાં તબાહી વચ્ચે ભૂકંપના ઝટકા, પૂરમાં ૩૮૯ના મોતઃ ૧૫૦૦થી લોકો ગુમ

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમંડુ

નેપાળમાં આવેલા વિનાશક પૂરમાં અત્યાર સુધીમાં ૩૯૨ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ૧૫૦૦થી વધુ લોકો હજુ પણ ગુમ છે. ૨૯૦ ભારતીય નાગરિકો હજુ પણ ગુમ છે અને શોધ પ્રયાસો ચાલુ છે. નેપાળમાં વિનાશક પૂર બાદ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા ૩.૨ માપવામાં આવી હતી. ૨૬ ઓગસ્ટના રોજ આવેલા વિનાશક પૂરને કારણે ભારત અને નેપાળ વચ્ચેનો રોડ સંપર્ક પણ ખોરવાઈ ગયો છે. દિલ્હી અને કાઠમંડુ વચ્ચેની બસ સેવા હાલ માટે સ્થગિત કરવામાં આવી છે. ૨૯ ઓગસ્ટના રોજ નિર્ધારિત નેપાળી બસ સેવા પણ સ્થગિત કરવામાં આવી છે. ભારત ૨૮ ઓગસ્ટના રોજ ફરીથી નેપાળમાં રાહત સામગ્રી મોકલશે. પૂર અને સંબંધિત ઘટનાઓને કારણે નેપાળમાં મૃત્યુઆંક ૩૮૯ પર પહોંચી ગયો છે. ઉપલબ્ધ માહિતી અનુસાર, રસુવામાં ૧૭, નુવાકોટમાં ૨૮, ધાદિંગમાં ૩૩, ચિતવનમાં ૧૩૭, ગોરખામાં ૩૨, તનહુમાં ૨૮, નવલપરાસી પૂર્વમાં ૮૭ અને નવલપરાસી પશ્ચિમમાં ૨૭ મૃતદેહો મળી આવ્યા છે. નેપાળમાં પૂરની પરિસ્થિતિના પ્રતિભાવમાં વિદેશ મંત્રાલયે ૨૪ કલાક કાર્યરત એક ખાસ કંટ્રોલ રૂમ સ્થાપ્યો છે. નેપાળમાં ફસાયેલા ભારતીય નાગરિકો અથવા તેમના પરિવારો કટોકટીની સ્થિતિમાં કંટ્રોલ રૂમનો સંપર્ક કરી શકે છે. વિદેશ મંત્રાલયના ટેલિફોન નંબરો +૯૧ ૧૧ ૨૩૦૮ ૮૭૧૮, +૯૧ ૧૧ ૨૩૦૮ ૮૭૧૯, અને +૯૧ ૧૧ ૨૩૦૧ ૨૧૧૩છે. +૯૧ ૯૯૬૮૨૯૧૯૮૮ પર વોટ્સએપ કોલ અથવા સંદેશા કરી શકાય છે. situationroom@mea.gov.in પર ઈમેઈલ દ્વારા માહિતી પૂરી પાડી શકાય છે.

નેપાળની રાજધાની કાઠમંડુમાં ભારતીય દૂતાવાસે પણ ઈમરજન્સી સંપર્ક નંબરો જાહેર કર્યા છે. જરૂર પડ્યે તમે +૯૭૭ ૯૮૫ ૧૩૧ ૬૮૦૭, +૯૭૭ ૯૭૦ ૯૧૦ ૭૫૦૦ અને +૯૭૭૯૮૧૦૩૨૬૧૧૭પર સંપર્ક કરી શકો છો. આ નંબરો પર વોટ્સએપ દ્વારા પણ સંપર્ક કરી શકાય છે. કટોકટીની સ્થિતિમાં નેપાળી અધિકારીઓનો પણ સંપર્ક કરી શકાય છે.






### તહેવારો પહેલા મોંઘવારીનો વધુ એક માર

## મુંબઈમાં દૂધના ભાવમાં સીધા ૯ રૂપિયાનો વધારો

### મુંબઈ મિલ્ક પ્રોડ્યુસર્સ એસોસિએશને દૂધની જથ્થાબંધ કિંમત ૯ રૂપિયા વધારીને ૧૦૨ રૂપિયા પ્રતિ લીટર કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં સામાન્ય લોકોને મોંઘવારીનો વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. મુંબઈમાં ૧ સપ્ટેમ્બરથી દૂધની જથ્થાબંધ કિંમતમાં સીધા ૯ રૂપિયા પ્રતિ લીટરનો વધારો થવા જઈ રહ્યો છે. મુંબઈ મિલ્ક પ્રોડ્યુસર્સ એસોસિએશન (MMPA)એ દૂધના ભાવ વધારવાનો નિર્ણય કર્યો છે. ત્યારબાદ તાજા ભેંસના દૂધનો જથ્થાબંધ ભાવ ૯૩ રૂપિયાથી વધીને ૧૦૨ રૂપિયા પ્રતિ લીટર થઈ જશે. મુંબઈ મિલ્ક પ્રોડ્યુસર્સ એસોસિએશનના નિર્ણય મુજબ, નવો દર ૧ સપ્ટેમ્બર ૨૦૨૬થી લાગુ થશે અને ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી અસરકારક રહેશે. એટલે કે મુંબઈના રહેવાસીઓએ આગામી લગભગ છ મહિના સુધી વધેલી કિંમતો પર દૂધ ખરીદવું પડશે. ત્યારબાદ કિંમતોની ફરીથી સમીક્ષા કરવામાં આવશે. આ અગાઉ ફેબ્રુઆરી ૨૦૨૬માં દૂધનો જથ્થાબંધ ભાવ ૯૧ રૂપિયાથી વધારીને ૯૩ રૂપિયા પ્રતિ લીટર કરવામાં આવ્યો હતો. હવે એકસાથે ૯ રૂપિયાનો વધારો કરવામાં આવી રહ્યો છે. રિપોર્ટ્સ અનુસાર, આ MMPAના લગભગ ૭૦ વર્ષના ઈતિહાસમાં સૌથી મોટો એકસાથે વધારો જણાવવામાં આવી રહ્યો છે. દૂધ ઉત્પાદકોએ કિંમત વધારવા પાછળ પશુના ચારા અને દૂધ આપતા પશુઓની વધતી કિંમતને મુખ્ય કારણ જણાવ્યું છે. ઉત્પાદકોના જણાવ્યા અનુસાર, પશુ આહારમાં વપરાતા અનાજ, તુવેર ચૂની અને ચણા ચૂની જેવી વસ્તુઓની કિંમતોમાં લગભગ ૨૫ ટકા સુધીનો વધારો થયો છે. આ ઉપરાંત ચારો, ખોળ અને અન્ય જરૂરી સામગ્રી પણ મોંઘી થઈ છે.

અમુક લોકો છબી બગાડવાનો પ્રયાસ કરી રહ્યા છે, ૨૨,૦૦૦ કરોડના પર્સનલ લોનની વાત ખોટી; ડૉ. સુભાષ ચંદ્રાનો મોટો ખુલાસો

દૂધ આપતા પશુઓની કિંમતોમાં થયેલા વધારાએ પણ ઉત્પાદકોનો ખર્ચ વધાર્યો છે. આવી સ્થિતિમાં દૂધ ઉત્પાદનનો ખર્ચ વધવાની અસર હવે તેની જથ્થાબંધ કિંમત પર નાખવામાં આવી રહી છે. MMPAના ચેરમેન સી.કે. સિંહના જણાવ્યા અનુસારે, મુંબઈમાં ૩,૦૦૦થી વધુ છૂટક વેચાણકર્તાઓ દ્વારા તાજું ભેંસનું દૂધ વેચવામાં આવે છે. જથ્થાબંધ કિંમત ૯૩થી વધીને ૧૦૨ રૂપિયા થયા બાદ આ સમગ્ર સપ્લાય નેટવર્ક પર અસર પડશે. અહીં એ સમજવું જરૂરી છે કે, ૧૦૨ રૂપિયા પ્રતિ લીટર જાહેર થયેલ જથ્થાબંધ દર છે. છૂટક બજારમાં ગ્રાહકને મળતી અંતિમ કિંમત અલગ હોઈ શકે છે અને તે વેચાણકર્તા તથા વિતરણ ખર્ચ પર નિર્ભર રહેશે.

દૂધની કિંમતોમાં આ વધારો એવા સમયે થઈ રહ્યો છે જ્યારે દેશમાં તહેવારોની સિઝન શરૂ થવાની છે. દૂધનો ઉપયોગ માત્ર રોજ પીવા માટે જ નહીં, પરંતુ દહીં, પનીર, મીઠાઈ, ખીર અને બીજી ઘણી વસ્તુઓમાં પણ મોટા પ્રમાણમાં થાય છે. આવી સ્થિતિમાં દૂધ મોંઘું થવાની અસર સીધી ઘરના બજેટ પર પડવાની સાથે-સાથે દૂધમાંથી બનેલા બીજા ઉત્પાદનોના ખર્ચ પર પણ પડી શકે છે. ખાસ કરીને તહેવારો દરમિયાન દૂધ અને ડેરી ઉત્પાદનોની માંગ વધવાથી તેની અસર વધુ અનુભવાઈ શકે છે.

## મિડલ ઈસ્ટમાં પાકિસ્તાને વધુ એક મોટા દેશ સાથે ડિફેન્સ ડીલ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ

ચારેય તરફથી આંતરિક અને આર્થિક પડકારોનો સામનો કરી રહેલા પાકિસ્તાને હવે મિડલ ઈસ્ટના દેશોમાં પોતાનું 'સૈન્ય નેટવર્ક' મજબૂત કરવાનો નવો રસ્તો અપનાવ્યો છે જે ભારત માટે ચિંતાનો વિષય મનાય છે. સાઉદી અરેબિયા અને તૂર્કેઈ સાથે સંરક્ષણ ભાગીદારી કર્યા બાદ, હવે પાકિસ્તાને કુવૈત સાથે હાથ મિલાવ્યા છે. ગુરુવારે ઈસ્લામાબાદ ખાતે પાકિસ્તાન અને કુવૈત વચ્ચે દ્વિપક્ષીય લશ્કરી સહયોગ વધારવા માટે એક મહત્ત્વપૂર્ણ સમજૂતી થઈ છે, જેને સત્તાવાર રીતે 'પ્રોટોકોલ એગ્રીમેન્ટ-૨૦૨૬' નામ આપવામાં આવ્યું છે.

ઈસ્લામાબાદમાં કુવૈતના સંરક્ષણ મંત્રી શેખ અબ્દુલ્લા અલી અબ્દુલ્લા અલ-સાલેમ અલ-સબાહ અને પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા મુહમ્મદ આસિફે આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર ૫ વર્ષ માટે અમલમાં રહેશે. કરાર હેઠળ બંને દેશોની સેનાઓ સંયુક્ત લશ્કરી તાલીમ અને અભ્યાસ કરશે, સૈન્ય શિક્ષણ અને વિશિષ્ટ જ્ઞાનની આપ-લે કરશે, તેમજ ગુપ્ત માહિતી (ઈન્ટેલિજન્સ) અને લોજિસ્ટિક્સમાં સહયોગ વધારશે. ઉપરાંત, પાકિસ્તાની સેના કુવૈતના સૈનિકોને ટ્રેનિંગ આપવામાં પણ મદદ કરશે. આ કરાર એવા સમયે થયો છે જ્યારે પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ સતત લંબાઈ રહ્યું છે.

# તંત્રી લેખ......

## પ્રકૃતિને અવગણવાના ખરાબ પરિણામો

નેપાળમાં થયેલા વિનાશક પૂર અને ભૂસ્ખલનથી ફરી એકવાર દક્ષિણ એશિયા હચમચી ઉઠ્યું છે. હિમાલયના ખોળામાં વસેલી આ શાંત અને સુંદર ભૂમિ જે રીતે કુદરતી આફતોનું કેન્દ્ર બની છે તે માત્ર ભૌગોલિક અકસ્માત નથી, પરંતુ પ્રકૃતિના વધતા પ્રકોપ અને માનવીય બેદરકારીનું ભયાનક પ્રતીક છે. વહેતી નદીઓ, ડૂબી ગયેલા શહેરો, પત્તાના ઢગલા જેવી તરતા કોંક્રિટ પુલ અને કાટમાળ નીચે દટાયેલા ગામો એ ફક્ત નેપાળની આપત્તિના દ્રશ્યો નથી, પરંતુ સમગ્ર પ્રદેશ માટે એક ચેતવણી છે, જેને અવગણવાથી આગળ કોઈ પણ પ્રકારની અવગણના આત્મઘાતી સાબિત થશે. આ દુર્ઘટના માટે ફક્ત કુદરતની ઈચ્છાઓને દોષ આપવો એ સમસ્યાની ઊંડાઈનો વિશ્વાસઘાત હશે. બિનઆયોજિત વિકાસ, પર્વતોનું અવિચારી શોષણ અને આબોહવા પરિવર્તન જેવા માનવ પરિબળો ઊંડાણપૂર્વક સંકળાયેલા છે.

છેલ્લા કેટલાક દાયકાઓમાં, નેપાળના પર્વતીય પ્રદેશો અને કાઠમંડુ ખીણમાં અનિયંત્રિત અને આડેધડ બાંધકામોએ કુદરતી ડ્રેનેજ સિસ્ટમનો સંપૂર્ણપણે નાશ કર્યો છે. નદીના કેચમેન્ટ વિસ્તારો અને પૂરના મેદાનોમાં બહુમાળી ઈમારતો, રસ્તાઓ અને વ્યાપારી સંકુલ બનાવવામાં આવ્યા છે. જ્યારે નદીઓમાં હવે વહેવા માટે કુદરતી જગ્યા નથી, ત્યારે પાણી વસ્તીવાળા વિસ્તારોમાં ફેરવાઈ ગયું છે. વધુમાં, રોડ નેટવર્કના વિસ્તરણ અને નદીના પ્રવાહના જળવિદ્યુત પ્રોજેક્ટ્સ સ્થાપિત કરવાના નામે આડેધડ પર્વત કાપણી કરવામાં આવી છે.

ભારે ડાયનામાઈટ બ્લાસ્ટિંગથી સંવેદનશીલ ઢોળાવમાં આંતરિક તિરાડો પહોળી થઈ ગઈ છે, જેના કારણે તે મધ્યમ વરસાદ દરમિયાન પણ સરકી જાય છે. ઢોળાવમાંથી જંગલોના કાપથી માટીના ધોવાણનો દર અનેકગણો વધી ગયો છે. અગાઉ જમીનને એકસાથે રાખતા વૃક્ષોના મૂળિયા અદ્રશ્ય થવાથી વરસાદી પાણી સીધા સપાટી પર ખૂબ જ ઝડપથી વહે છે. આ ઉપરાંત, વૈશ્વિક આબોહવા પરિવર્તનની અસર હવે વધુ સ્પષ્ટ અને વિનાશક બની રહી છે.

હિન્દુ કુશ હિમાલય પ્રદેશ વૈશ્વિક સરેરાશ કરતા વધુ ઝડપથી ગરમ થઈ રહ્યો છે. તાપમાનમાં સતત વધારાને કારણે ચોમાસુ ચક્ર સંપૂર્ણપણે અનિયમિત બની ગયું છે. વરસાદ હવે સમગ્ર ઋતુ દરમિયાન સમાનરૂપે વિતરિત થવાને બદલે થોડા દિવસો કે કલાકો સુધી તીવ્ર વરસાદના સમયગાળા સુધી મર્યાદિત છે. જ્યારે મોટી માત્રામાં પાણી એકસાથે પડે છે, ત્યારે જમીન તેને શોષી શકતી નથી, અને તે ઓવરફ્લો થાય છે, જેનાથી સપાટી પર એક વિશાળ પૂર આવે છે.

તે જ સમયે, હિમાલયના પ્રદેશોમાં હિમનદીઓનું ઝડપી અને સતત પીગળવાથી નવા હિમનદી તળાવો બની રહ્યા છે અને જૂના તળાવોનું કદ ભયજનક દરે વધી રહ્યું છે. ભૂકંપ અથવા અતિશય પાણીના દબાણને કારણે, લાખો ક્યુસેક પાણી અને કાટમાળ થોડીવારમાં ખીણમાંથી નીચે વહે છે, જેની વિનાશક સંભાવના સામાન્ય પૂર કરતા અનેક ગણી વધારે છે. નેપાળ દુર્ઘટનાને ફક્ત એક આપત્તિ તરીકે નહીં, પરંતુ એક વ્યૂહાત્મક, વૈજ્ઞાનિક અને માનવતાવાદી પડકાર તરીકે જોવી જોઈએ. પરંપરાગત રીતે, આપત્તિ પછી આપણું ધ્યાન રાહત અને બચાવ કામગીરી સુધી મર્યાદિત રહ્યું છે. આ પ્રતિક્રિયાશીલ અભિગમ બદલવો જોઈએ અને આપત્તિ જોખમ ઘટાડવા માટે કાર્ય કરવું જોઈએ. પ્રાથમિક જરૂરિયાત અસરકારક, આધુનિક અને વાસ્તવિક સમયની પ્રારંભિક ચેતવણી પ્રણાલી વિકસાવવાની છે.જો નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને પૂર આવે તેના થોડા કલાકો પહેલાં પણ સચોટ માહિતી મળે, તો જાનમાલનું નુકસાન નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે. બીજું મહત્વપૂર્ણ પગલું એ છે કે ભારત અને નેપાળ વચ્ચે પાણી વ્યવસ્થાપન પર દાયકાઓ જૂના કરારો અને અટકેલી વાટાઘાટોને પુનર્જીવિત કરવી. કોસી અને ગંડક પ્રોજેક્ટ્સ પર નવેસરથી ધ્યાન આપવું જોઈએ. માળખાકીય સુવિધાઓનું નિર્માણ પૂરતું નથી; તે માળખાકીય સુવિધાઓનું નિયમિત જાળવણી, નદીઓનું સતત ડ્રેજિંગ અને પાણી સંગ્રહ ક્ષમતા વધારવા માટે આધુનિક તકનીકોનો ઉપયોગ જરૂરી છે.

### રાહુલ ગાંધીએ બહેન સાથે તસવીર શેર કરી

# પીએમ મોદી-સીએમ યોગીએ બાળકો પાસે રાખડી બંધાવી

## રાજનાથ સિંહે મહિલાઓના સન્માન અને સુરક્ષાનો મેસેજ આપ્યો બિહારના સીએમએ બહેન સાથે રક્ષાબંધનની ઉજવણી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રક્ષાબંધન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, સીએમ યોગી આદિત્યનાથ અને રાહુલ ગાંધીની ખાસ તસવીરો સામે આવી છે. પીએમ મોદીએ બાળકો પાસે રાખડી બંધાવી હતી, જ્યારે યોગી આદિત્યનાથે લખનઉના સ્નેહબંધન કાર્યક્રમમાં બાળકો સાથે તહેવાર ઉજવ્યો હતો. રાહુલ ગાંધી પ્રિયંકા ગાંધી વાડ્રા સાથે તસવીર શેર કરી દેશવાસીઓને શુભકામના આપી છે. રક્ષામંત્રી રાજનાથ સિંહે મહિલાઓના સન્માન અને સુરક્ષાનો મેસેજ આપ્યો છે. બિહારના સીએમ સમ્રાટ ચૌધરીએ પણ પોતાની બહેન સાથે રક્ષાબંધનની ઉજવણી કરી હતી.



તહેવારના દિવસે નેતાઓનો આ પારિવારિક અને ભાવુક અંદાજ સોશિયલ મીડિયા પર ચર્ચામાં રહ્યો છે. આખો દેશ આજે રક્ષાબંધનનો તહેવાર ઉજવી રહ્યો છે. ભાઈ-બહેન એકબીજાને રાખડી બાંધે છે. આ દરમ્યાન દેશનો રાજકીય ગલિયારામાં પણ ભાઈ-બહેનના સંબંધની તસવીર આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીથી લઈ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સુધીના નેતાઓએ બાળકો સાથે આ ખાસ તહેવાર મનાવ્યો છે. બાળકોએ આ બંને નેતાઓના કાંડા પર રાખડી બાંધી અને તેમની પ્રેમાળ તસવીર કેમેરામાં કેદ થઈ ગઈ. આ તસવીરોએ સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચા જગાવી છે. બીજી તરફ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પોતાની બહેન પ્રિયંકા ગાંધી વાડ્રા સાથે એક તસવીર શેર કરી છે. બંને ભાઈ-બહેને તસવીર સાથે દેશવાસીઓને રક્ષાબંધનની શુભકામનાઓ આપી છે. એટલે કે તહેવારના દિવસે રાજકારણથી હટકે નેતાઓનો એક પારિવારિક અને ભાવુક અંદાજ જોવા મળ્યો છે.

રક્ષાબંધન આમ તો ભાઈ અને બહેનનો પ્રેમ, વિશ્વાસ અને પોતાનાપણાનો તહેવાર છે. પણ જ્યારે દેશના મોટા રાજકીય ચહેરાઓ આ ખાસ અવસરને પોતાના અંદાજમાં મનાવે છે તો તેમની તસવીરો વધારે ચર્ચામાં આવે છે. પ્રધાનમંત્રી મોદીએ ૭ લોક કલ્યાણા માર્ગ પર બાળકો સાથે રક્ષાબંધન ઉજવ્યો હતો. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લખનઉમાં આયોજિત સ્નેહબંધન કાર્યક્રમમાં બાળકો પાસે રાખડી બંધાવી હતી. રાહુલ ગાંધી પ્રિયંકા ગાંધી સાથે જૂની યાદો સાથે જોડાયેલી તસવીરો શેર કરી હતી. રક્ષામંત્રીએ દેશવાસીઓને શુભકામના આપી અને મહિલાના સન્માન, સુરક્ષા અને ગરિમાની જવાબદારીની વાત કહી હતી. બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ પણ પોતાની બહેનો સાથે રક્ષાબંધનની ઉજવણી કરી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૭ લોક કલ્યાણ માર્ગ પર બાળકો સાથે રક્ષાબંધનની ઉજવણી કરી હતી. આ દરમ્યાન બાળકોએ તેમને રાખડી બાંધી હતી. પીએમ મોદીએ આ મુલાકાતની અમુક યાદગાર પળો સોશિયલ મીડિયા પર શેર કરી હતી. તસવીરોમાં બાળકો સાથે તેમનો સહજ અંદાજ દેખાઈ રહ્યો છે. પ્રધાનમંત્રીએ પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, ૭, લોક કલ્યાણ માર્ગ પર રક્ષાબંધન સમારંભની અમુક યાદગાર ક્ષણો, તેમણે આશા વ્યક્ત કરી કે, આ તહેવાર સ્નેહ અને સદ્ભાવના સંબંધોને વધારે મજબૂત કરશે અને તમામના જીવનમાં ખુશીઓ અને સમૃદ્ધિ લઈને આવશે. બાળકો સાથે પીએમ મોદીની તસવીરો સામે આવતા જ સોશિયલ મીડિયા પર લોકોની પ્રતિક્રિયા સામે આવી છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ બાળકો સાથે રક્ષાબંધનનો તહેવાર ઉજવ્યો હતો. લખનઉમાં આયોજિત 'સ્નેહબંધન' કાર્યક્રમમાં બાળકોને મુખ્યમંત્રીને રાખડી બાંધી. આ દરમિયાન યોગી આદિત્યનાથે બાળકો સાથે મુલાકાત કરી અને તેમની સાથે સમય વિતાવ્યો. કાર્યક્રમની તસવીરોમાં તહેવારનો ઉત્સાહ સ્પષ્ટપણે જોવા મળ્યો. મુખ્યમંત્રીએ પણ સોશિયલ મીડિયા મારફતે આ ખાસ અવસરની ઝલક શેર કરી છે. રક્ષાબંધન નિમિત્તે આયોજિત આ કાર્યક્રમ માત્ર ઔપચારિકતા પૂરતો મર્યાદિત રહ્યો નહોતો. બાળકો અને મુખ્યમંત્રી વચ્ચેની વાતચીત તેમજ રાખડી બાંધવાના આ પળોએ તેને એક ભાવનાત્મક અવસર બનાવી દીધો.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ રક્ષાબંધનના અવસરે પોતાની બહેન પ્રિયંકા ગાંધી વાડ્રા સાથેની તસવીર શેર કરી છે. તસવીર સાથે તેમણે દેશવાસીઓને તહેવારની શુભેચ્છાઓ પાઠવી. રાહુલ ગાંધીએ લખ્યું કે સ્નેહના તાંતણાથી બંધાયેલો ભાઈ-બહેનનો આ અતૂટ સંબંધ પ્રેમ અને વિશ્વાસ સાથે વધુ મજબૂત બને. રાહુલ અને પ્રિયંકાની તસવીર સામે આવતા જ કોંગ્રેસ સમર્થકો અને સોશિયલ મીડિયા યુઝર્સ વચ્ચે પણ આ પોસ્ટ ચર્ચાનો વિષય બની. બંને ભાઈ-બહેનની રાજકીય સક્રિયતા અલગ-અલગ મોરચાઓ પર જોવા મળે છે, પરંતુ રક્ષાબંધનના અવસરે તસવીરમાં બંનેનો પારિવારિક અંદાજ જોવા મળ્યો હતો.

રક્ષામંત્રી રાજનાથ સિંહે પણ રક્ષાબંધન પર દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં આ પર્વને ભાઈ-બહેનના અતૂટ સ્નેહ, પરસ્પર વિશ્વાસ અને ગાઢ સંબંધનું પ્રતિક ગણાવ્યું. રાજનાથ સિંહે જણાવ્યું કે આ તહેવાર આપણી સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને મૂલ્યોને દર્શાવે છે. સાથે જ તેમણે તેને મહિલાઓના સન્માન, સુરક્ષા અને ગૌરવ પ્રત્યે પ્રતિબદ્ધ રહેવાની પ્રેરણા સાથે જોડ્યો. આ રીતે રક્ષાબંધનના અવસરે તેમના સંદેશમાં માત્ર શુભેચ્છા જ નહોતી, પરંતુ સમાજની જવાબદારીનો સંદેશ પણ જોવા મળ્યો. બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ પણ પોતાની બહેનો સાથે રક્ષાબંધનની ઉજવણી કરી હતી. તેમની બહેનોએ મુખ્યમંત્રીના કાંડા પર રાખડી બાંધી અને તેમને પોતાનો પ્રેમ તથા આશીર્વાદ આપ્યા હતા. સમ્રાટ ચૌધરીએ આની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. તેમણે બિહારના લોકોને રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવતાં તમામ બહેનો અને પરિવારોના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને ખુશહાલીની કામના કરી. આ રીતે દેશના અલગ-અલગ ભાગોમાંથી આવેલી તસવીરોમાં રક્ષાબંધનના વિવિધ રંગો જોવા મળ્યા. ક્યાંક બાળકોની નિર્દોષતા હતી, ક્યાંક ભાઈ-બહેનનો વર્ષો જૂનો સંબંધ અને ક્યાંક મહિલાઓના સન્માનનો સંદેશ. રાજકીય ચહેરાઓ વચ્ચે તહેવારનો આ માનવીય પાસો જ સૌથી વધુ જોવા મળ્યો.

# તુ-તુ-મૈં-મૈં બાદ કંગના રણૌતે બાબા રામદેવને ગણાવ્યા મોટા ભાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

યોગગુરુ બાબા રામદેવ અને ભાજપના સાંસદ તથા અભિનેત્રી કંગના રણૌત વચ્ચે વીતેલા દિવસોમાં અત્યંત તીખી અને અંગત નિવેદનબાજી જોવા મળી હતી. જોકે, રક્ષાબંધનના પવિત્ર તહેવાર પર કંગના રણૌતે પોતાના સોશિયલ મીડિયા સ્ટેટસ દ્વારા જૂના વિવાદો પર પૂર્ણવિરામ મૂકવાનો પ્રયાસ કર્યો છે. કંગનાએ બાબા રામદેવને પોતાના 'મોટા ભાઈ' ગણાવ્યા છે અને કહ્યું છે કે આ તહેવાર જૂના ગિલા-શિકવા ભૂલી જવા માટે હોય છે.

કંગનાએ પોતાના સોશિયલ મીડિયા સ્ટેટસમાં લખ્યું હતું કે, "તહેવારનો દિવસ બધી ભૂલચૂક માફ કરવા માટે જ હોય છે. મારા ભાઈ બાબા રામદેવજીએ ખૂબ સારું કહ્યું કે વિવાદ નહીં, સંવાદ થવો જોઈએ. આજે રક્ષાબંધનના દિવસે હું તેમની મીઠાઈ અને મોટા ભાઈનો પ્રેમ બંને સ્વીકારું છું. ખૂબ ખૂબ આભાર, ઈશ્વર આપને દીર્ઘાયુ આપે."

હાલમાં જ જ્યારે બાબા રામદેવે શિક્ષણ વ્યવસ્થા અને ભરતી પ્રક્રિયા અંગે સવાલો ઉઠાવ્યા ત્યારે એક ન્યૂઝ ચેનલના ઈન્ટરવ્યુમાં તેમને કંગના રણૌત અંગે પૂછવામાં આવ્યું હતું. જેના જવાબમાં રામદેવે કંગનાના ચરિત્ર અને તેની જવાની પર સવાલો ઉઠાવતા કહ્યું હતું કે, "તેમની જવાની કેવી રહી છે, તેમણે પોતાના વિશે વિચારવું જોઈએ." રામદેવે કંગનાની યોગ્યતા (ક્વોલિફિકેશન) પર પણ સવાલો ઉઠાવ્યા હતા.

બાબા રામદેવના નિવેદન પર કંગનાએ તીખો પલટવાર કરતા કહ્યું હતું કે, રામદેવે મારી જવાની અને બેડરૂમ વિશે સપના ન જોવા જોઈએ. એક ઈન્ટરવ્યુમાં કંગનાએ કટાક્ષ કરતા પૂછ્યું હતું કે, "શું બાબા રામદેવ મારા બેડરૂમમાં ચામાચીડિયું બનીને લટક્યા હતા? તેમણે જે પણ જોયું હોય તે દેશને જણાવવું જોઈએ."

રાજકીય પંડિતોના મતે, એક જ વિચારધારાના બે પ્રભાવશાળી લોકો વચ્ચેનો આ વિવાદ ભાજપ અને બંનેની છબી માટે નુકસાનકારક સાબિત થઈ રહ્યો હતો. કંગનાએ ખૂબ વિચાર-વિમર્શ કે પક્ષના દબાણ બાદ આ વિવાદનો અંત લાવવાનો નિર્ણય કર્યો હોઈ શકે છે. રામદેવને 'મોટો ભાઈ' બનાવીને કંગનાએ એક એવો માસ્ટરસ્ટ્રોક માર્યો છે, જેના પછી બાબા રામદેવ માટે પણ આ મર્યાદા જાળવવી જરૂરી બની ગઈ છે અને વિવાદ આપોઆપ શાંત થઈ ગયો છે.

## ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં રક્ષાબંધનના પવિત્ર પર્વની ઉજવણી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં રક્ષાબંધનના પવિત્ર પર્વની ઉજવણી કરી હતી. તેમણે પોતાના સંસદીય ક્ષેત્રની દીકરીઓ, ખાસ કરીને ટાઈપ વન ડાયાબિટીસથી પીડિત દીકરીઓ સાથે આ પર્વ મનાવ્યો હતો. આ પ્રસંગે, અમિત શાહે દીકરીઓ પાસેથી રાખડી બંધાવી અને તેમના રક્ષણ તથા સ્વાસ્થ્યની જવાબદારીને લઈને એક મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. અમિત શાહે ટાઈપ વન ડાયાબિટીસ ધરાવતી તમામ દીકરીઓને રક્ષાબંધનની અનોખી ભેટ આપતા જણાવ્યું હતું કે તેમને આજીવન નિશુલ્ક ઈન્સ્યુલિન પૂરું પાડવામાં આવશે. આ નિર્ણયથી આ દીકરીઓના પરિવાર પરનો આર્થિક બોજ નોંધપાત્ર રીતે હળવો થશે. વધુમાં, અમિત શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે માત્ર ઈન્સ્યુલિન આપવું પૂરતું નથી, પરંતુ દીકરીઓનું આરોગ્ય સતત સારું રહે તે માટે ગાંધીનગર લોકસભા વિસ્તારમાં એક સુદ્રઢ અને સંકલિત આરોગ્ય વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે. આ સિસ્ટમ અંતર્ગત ટાઈપ વન ડાયાબિટીસના દર્દીઓનું યોગ્ય સ્ક્રીનિંગ, નિયમિત બ્લડ શુગર ટેસ્ટિંગ અને ડોક્ટર દ્વારા જરૂરી ફોલોઅપ સારવાર પૂરી પાડવામાં આવશે, જે દીકરીઓના દીર્ઘકાલીન સ્વાસ્થ્ય માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

## અમદાવાદના વસ્ત્રાપુરની ઘટના: મલાલાના પુસ્તક વાંચન કાર્યક્રમમાં બજરંગદળ અને CJP-કોંગ્રેસ વચ્ચે ઉગ્ર ઘર્ષણ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના વસ્ત્રાપુર નજીક આવેલા ઔડા ગાર્ડનમાં યોજાયેલા નોબેલ પારિતોષિક વિજેતા મલાલા યુસુફઝાઈના પુસ્તક વાંચન કાર્યક્રમમાં ભારે હોબાળો થયો હતો. આ કાર્યક્રમ CJP (Citizens for Justice and Peace) અને કોંગ્રેસના યુવાનો દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો.

મલાલાના પુસ્તક વાંચનની માહિતી મળતા જ બજરંગદળના આશરે ૨૦ થી ૪૦ જેટલા કાર્યકરો સ્થળ પર પહોંચ્યા હતા, જેના પગલે બંને જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને મારામારીના દ્રશ્યો સર્જાયા હતા. આ ઘટનામાં કેટલાક લોકોને ઈજા થતાં તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

બજરંગદળના કાર્યકરોનો મુખ્ય વાંધો મલાલા યુસુફઝાઈના કાશ્મીર અને હિન્દુત્વ અંગેના કથિત ભારત વિરોધી વિચારો સામે હતો. બજરંગદળે આક્ષેપ કર્યો હતો કે મલાલા ભારત વિરોધી વિચારધારા ધરાવે છે અને કાશ્મીર મુદ્દે પણ તેણે ભારતનો વિરોધ કર્યો હતો. તેઓએ આ કાર્યક્રમને ભારત વિરોધી અને વામપંથી વિચારધારાના પ્રચાર તરીકે ગણાવ્યો હતો. બજરંગદળના નિવેદન મુજબ, CJP અને કોંગ્રેસના યુવાઓએ રાષ્ટ્રગાનનું અપમાન કર્યું હોવાથી તેમને રોષ વ્યાપ્યો હતો.

બજરંગદળના કાર્યકરોએ ચેતવણી ઉચ્ચારી હતી કે મલાલા ભલે નોબેલ પારિતોષિક વિજેતા હોય, પરંતુ હિન્દુ અને ભારત વિરોધી તત્વોના પુસ્તકોનું વાંચન તેઓ ક્યારેય ચલાવી લેશે નહીં. તેઓએ યુવાનોને દેશ વિરોધી માનસિકતા ધરાવતા લોકોથી દૂર રહેવા અને આવી પ્રવૃત્તિઓ કરનારાઓને બજરંગદળના આક્રોશનો સામનો કરવો પડશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી. બીજી તરફ, કાર્યક્રમના આયોજકોએ બજરંગદળના કાર્યકરો પર ગંભીર આરોપો લગાવ્યા હતા. આયોજકોએ જણાવ્યું હતું કે ૩૦-૪૦ જેટલા લોકો જય શ્રી રામના નારા લગાવતા, ગળામાં કેસરી સ્કાર્ફ પહેરીને આવ્યા હતા. તેમની બોડી લેંગ્વેજ આક્રમક હતી અને તેઓ મારપીટ કરવાના ઈરાદે જ આવ્યા હોવાનું લાગી રહ્યું હતું. આયોજકોના જણાવ્યા મુજબ, બજરંગદળના કાર્યકરો પાસે મેટલ રોડ, લાકડીઓ અને બેઝબોલ બેટ જેવા હથિયારો પણ હતા. તેઓએ પુસ્તકો ઉઠાવીને તમે શું કરી રહ્યા છો? તમે દેશભક્તિના ખિલાફ છો જેવા વાક્યો ઉચ્ચાર્યા હતા.

આયોજકોએ વાતચીત કરવાનો પ્રયાસ કર્યો હોવા છતાં, બજરંગદળના કાર્યકરો વાત કરવાના મૂડમાં ન હોવાનો દાવો કર્યો હતો. મારામારી બાદ ઈજાગ્રસ્ત થયેલા લોકોને પોલીસ દ્વારા વાનમાં બેસાડીને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. આયોજકોએ બજરંગદળને "આતંકવાદી" ગણાવતી પોસ્ટ પણ કરી હોવાનો આરોપ બજરંગદળ દ્વારા મૂકવામાં આવ્યો હતો, જેનાથી મામલો વધુ ગરમાયો હતો. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો છે, જેમાં બંને પક્ષો વચ્ચેની બોલાચાલી અને ઘર્ષણ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આ મામલે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હોવાના અહેવાલ છે. આ ઘટનાએ ફરી એકવાર અભિવ્યક્તિની સ્વતંત્રતા અને સંસ્કૃતિના સંઘર્ષ જેવા મુદ્દાઓને ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધા છે.

## હવે મંદિરો-પર્યટન સ્થળો પર નહીં દેખાય ભિક્ષુકો: ગુજરાતના ૪ સ્થળોથી શરૂ થશે મોટું અભિયાન

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતના પ્રમુખ ધાર્મિક અને પ્રવાસન સ્થળો પર આવતા લાખો શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ વચ્ચે ભિક્ષાવૃત્તિ એક મોટી સામાજિક સમસ્યા બની રહી છે. આ પરિસ્થિતિને કાયમી ધોરણે બદલવા અને ભિક્ષાવૃત્તિમાં ધકેલાયેલા લોકોને સન્માનજનક જીવન પૂરું પાડવા માટે કેન્દ્ર સરકારે એક અભિયાન હાથ ધર્યું છે. કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા શરૂ કરાયેલા ભિક્ષાવૃત્તિ મુક્ત અભિયાનના પ્રથમ તબક્કામાં ગુજરાતના ૪ શહેરો અને યાત્રાધામોની પસંદગી કરવામાં આવી છે. આ પ્રકારના લોકોને એક જ સ્થળે લાવીને તેમનું કાઉન્સિલિંગ કરાશે ત્યારબાદ આધાર કાર્ડ-રેશન કાર્ડ-આયુષ્યમાન કાર્ડ જેવા જરૂરી દસ્તાવેજ બનાવાશે. તેઓને આશ્રય આપીને પ્રધાનમંત્રી દક્ષ યોજના અંતર્ગત રોજગારલક્ષી તાલીમ અપાશે. — મોના પાંચાલ, અધિક સચિવ (સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકાર)

ગુજરાતના કયા ૪ સ્થળોની પસંદગી કરાઈ?

ગીર સોમનાથ (પ્રથમ જ્યોતિર્લિંગ ક્ષેત્ર)

એકતાનગર (સ્ટેચ્યુ ઑફ યુનિટી)

પાવાગઢ (શક્તિપીઠ યાત્રાધામ)

ભિક્ષુકમુક્ત અભિયાન

આ અભિયાન હેઠળ સૌથી પહેલાં વડોદરા, ગીર સોમનાથ, એકતાનગર અને પાવાગઢ જેવા પસંદ કરાયેલા સ્થળો પરથી ભિક્ષાવૃત્તિ સાથે જોડાયેલા લોકોને એકઠા કરીને એક જ સ્થળે આશરો આપવામાં આવશે.

ત્યારબાદ તેમનું પ્રોફેશનલ કાઉન્સિલિંગ કરવામાં આવશે, જેથી તેઓ ભિક્ષાવૃત્તિ છોડીને નવું જીવન શરૂ કરવા માનસિક રીતે તૈયાર થાય. કાઉન્સિલિંગ પછી તેમના આધાર કાર્ડ, રેશન કાર્ડ અને આયુષ્માન કાર્ડ જેવા જરૂરી સરકારી દસ્તાવેજો બનાવી આપવામાં આવશે.

દસ્તાવેજીકરણ પૂર્ણ થયા બાદ આ લોકોને આશ્રય આપીને પ્રધાનમંત્રી દક્ષ યોજના અંતર્ગત વિવિધ કૌશલ્યોની રોજગારલક્ષી તાલીમ અપાશે, જેથી તેઓ સ્વનિર્ભર બની સમાજના મુખ્ય પ્રવાહમાં સન્માનભેર જોડાઈ શકે.

## SOG ના દરોડામાં ડુપ્લીકેટ તમાકુ ફેક્ટરી ઝડપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા ગેરકાયદે ડુપ્લીકેટ તમાકુના મોટા કાળા કારોબારનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. શહેરમાં ચાલતી ડુપ્લીકેટ તમાકુની ફેક્ટરી પર SOGએ દરોડા પાડીને કરોડો રૂપિયાના બનાવટી તમાકુના વેચાણ પર રોક લગાવી છે.

રાજકોટના હિરેન પરફ્યુમરી વર્ક નામના ગોડાઉનમાં આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલી રહી હતી. SOG દ્વારા ગુપ્ત માહિતીના આધારે દરોડા પાડવામાં આવતા, હિરેન સોનેજી અને રાજુ સોનેજી નામના બે શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ બંને આરોપીઓ લાંબા સમયથી ડુપ્લીકેટ તમાકુનું ઉત્પાદન અને વેચાણ કરી રહ્યા હતા.

નવસર્જન સંસ્કૃતિ



નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

૮ કલાકના નિર્ધારિત રેલવે બ્લોકમાં માત્ર ૭ કલાક ૧૫ મિનિટમાં કાર્ય પૂર્ણ, ઝડપી, સુરક્ષિત અને આધુનિક બાંધકામ તકનીકનું ઉત્તમ ઉદાહરણ

# પશ્ચિમ રેલવે દ્વારા પ્રથમ વખત ફેક્ટરી નિર્મિત પ્રીકાસ્ટ RCC બોક્સથી પદયાત્રી સબવેનું સફળતાપૂર્વક નિર્માણ અને લોન્ચિંગ

પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર મંડળના વસ્ત્રાપુર વિસ્તારમાં ફેક્ટરી નિર્મિત પ્રીકાસ્ટ RCC બોક્સ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પદયાત્રી સબવેનું સફળતાપૂર્વક સ્થાપન કરી રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણમાં આધુનિક, ઝડપી અને સુરક્ષિત તકનીકના ઉપયોગનું નોંધપાત્ર ઉદાહરણ રજૂ કરવામાં આવ્યું છે. આ કાર્ય ૨૫/૨૬ ઓગસ્ટ ૨૦૨૬ની મધ્યરાત્રિ દરમિયાન મળેલા ૮ કલાકના નિર્ધારિત ટ્રાફિક બ્લોકમાં માત્ર ૭ કલાક ૧૫ મિનિટમાં, નિર્ધારિત સમય કરતાં ૪૫ મિનિટ વહેલું પૂર્ણ કરવામાં આવ્યું.







આ પ્રોજેક્ટ અંતર્ગત ખોદકામ, સાઈટની તૈયારી, પ્રીકાસ્ટ સબવે સ્ટ્રક્ચરની સ્થાપના તથા સંબંધિત તમામ કામગીરી એક જ રાત્રિમાં સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી. કાર્ય પૂર્ણ થયા બાદ નિર્ધારિત સમયમર્યાદામાં રેલવે કોરિડોરને પુનઃ રેલ પરિચાલન માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યો. આ સિદ્ધિ મર્યાદિત ટ્રાફિક બ્લોક દરમિયાન ઝડપી બાંધકામ તથા રેલ પરિચાલનમાં ઓછામાં ઓછો વિક્ષેપ સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

આ મહત્વપૂર્ણ સિદ્ધિ અંગે ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી દિનેશ વર્માએ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા અધિકારીઓ અને કર્મચારીઓની પ્રશંસા કરતાં જણાવ્યું કે આધુનિક બાંધકામ તકનીકો અપનાવવી એ પશ્ચિમ રેલવેની કાર્યક્ષમતા, સંરક્ષા અને મુસાફરોની સુવિધાઓમાં સતત સુધારો કરવાની પ્રતિબદ્ધતાનો એક ભાગ છે. તેમણે આ સફળ અમલીકરણને રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાવી. આ પ્રોજેક્ટ સુરક્ષા, ઝડપ, ગુણવત્તા અને ટકાઉપણાના ઉત્તમ સમન્વયનું ઉદાહરણ છે તથા ભવિષ્યમાં ભારતીય રેલવે નેટવર્ક પર સબવે અને અંડરપાસના નિર્માણ માટે એક અસરકારક મોડેલ તરીકે ઉપયોગી સાબિત થઈ શકે છે. પશ્ચિમ રેલવે આધુનિક એન્જિનિયરિંગ તકનીકો અપનાવી મુસાફરો માટે સુરક્ષિત, સુવિધાજનક અને વધુ સારી રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ કરાવવાની દિશામાં સતત કાર્યરત છે.

**ફેક્ટરી નિર્મિત પ્રીકાસ્ટ RCC બોક્સથી બાંધકામ**

વસ્ત્રાપુર પદયાત્રી સબવેમાં ફેક્ટરીમાં નિયંત્રિત વાતાવરણમાં નિર્મિત ઉચ્ચ ગુણવત્તાવાળા પ્રીકાસ્ટ RCC ઘટકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રીકાસ્ટ ટેક્નોલોજી દ્વારા સ્ટ્રક્ચરના નિર્માણમાં ગુણવત્તા અને ચોકસાઈ જાળવી રાખવાની સાથે સાઈટ પરની બાંધકામ પ્રક્રિયાનો સમય પણ નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે. પરંપરાગત બાંધકામ પદ્ધતિની સરખામણીએ આ તકનીક ખાસ કરીને એવી પરિયોજનાઓ માટે ઉપયોગી છે, જેમાં રેલવે ટ્રેકની નીચે કામ કરવા માટે મર્યાદિત સમયનો ટ્રાફિક બ્લોક ઉપલબ્ધ હોય.

**૮ કલાકના બ્લોકમાં ૭ કલાક ૧૫ મિનિટમાં પૂર્ણ થયું પડકારજનક કાર્ય**

રેલવે ટ્રેકની નીચે અંડરગ્રાઉન્ડ ક્રોસિંગનું નિર્માણ અત્યંત પડકારજનક કાર્ય હોય છે, જેમાં ખોદકામ, સ્ટ્રક્ચરની સ્થાપના, રેલવે ટ્રેકની સુરક્ષા તથા પુનઃસ્થાપન જેવા અનેક મહત્વપૂર્ણ કાર્યો નિર્ધારિત ટ્રાફિક બ્લોક દરમિયાન પૂર્ણ કરવાના હોય છે.

વસ્ત્રાપુરમાં પ્રીકાસ્ટ ટેક્નોલોજીના ઉપયોગથી આ તમામ કાર્યોને સુવ્યવસ્થિત અને ઝડપી રીતે પૂર્ણ કરવામાં આવ્યા. ૮ કલાકના નિર્ધારિત બ્લોકમાં પૂર્ણ થનારું કાર્ય માત્ર ૭ કલાક ૧૫ મિનિટમાં પૂર્ણ કરવામાં આવ્યું, જેના કારણે ઉપલબ્ધ સમયનો અસરકારક ઉપયોગ થયો અને રેલ પરિચાલન પર પડતી અસરને ન્યૂનતમ રાખી શકાયી.

**મુસાફરો તથા સ્થાનિક નાગરિકોને મળશે સુરક્ષિત સુવિધા**

વસ્ત્રાપુરમાં નિર્મિત આ પદયાત્રી સબવે સ્થાનિક રહેવાસીઓ તથા મુસાફરોને રેલવે ટ્રેકના સુરક્ષિત અને સુવિધાજનક ક્રોસિંગની સુવિધા પ્રદાન કરશે. તેનાથી રેલવે ટ્રેક પર અનધિકૃત પગપાળા અવરજવર તથા ટ્રેક ક્રોસિંગને રોકવામાં પણ મદદ મળશે.

પ્રીકાસ્ટ ટેક્નોલોજીથી નિર્મિત આ સ્ટ્રક્ચર દ્વારા ચોમાસા દરમિયાન પાણીના નિકાલ તથા પાણી ભરાવાની સમસ્યાને ઘટાડવામાં પણ મદદ મળશે, જેના પરિણામે સ્થાનિક નાગરિકોને વરસાદની ઋતુમાં વધુ સુરક્ષિત અને સરળ અવરજવર ઉપલબ્ધ થશે.

**પશ્ચિમ રેલવે, બાંધકામ એજન્સીઓ અને ટીમના સંકલનથી મળી સફળતા**

આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ પશ્ચિમ રેલવેના અધિકારીઓની દેખરેખ હેઠળ રેલવે દ્વારા નિર્ધારિત સુરક્ષા અને ગુણવત્તાના ધોરણો અનુસાર પૂર્ણ કરવામાં આવ્યો. આ કાર્યની સફળતા પશ્ચિમ રેલવે, ફૂજી સિલ્વરટેક કૉંક્રિટ તથા ખોડલ કન્સ્ટ્રક્શન વચ્ચેના અસરકારક સંકલન અને ટીમવર્કનું પરિણામ છે. આ પ્રોજેક્ટ જાપાની 'Monozukuri' એન્જિનિયરિંગ કાર્યશૈલીની કાર્યક્ષમતાને ભારતીય રેલવેની ઈન્ફ્રાસ્ટ્રક્ચર જરૂરિયાતો સાથે જોડવાની દિશામાં પણ એક મહત્વપૂર્ણ ઉદાહરણ રજૂ કરે છે.

**આધુનિક બાંધકામ તકનીકથી રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મળશે નવું પરિમાણ**

વસ્ત્રાપુરમાં પ્રીકાસ્ટ પદયાત્રી સબવેની સફળ સ્થાપના દર્શાવે છે કે પ્રીકાસ્ટ બાંધકામ તકનીક ભારતીય રેલવેના આધુનિકીકરણ તથા ઝડપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ફેક્ટરીમાં નિર્મિત પ્રીકાસ્ટ સ્ટ્રક્ચર્સ દ્વારા ગુણવત્તા અને ચોકસાઈને નિયંત્રિત રાખવાની સાથે સાઈટ પરની કામગીરીનો સમય ઘટાડી શકાય છે.

આ તકનીક ખાસ કરીને પદયાત્રી સબવે, અંડરપાસ તથા રેલવે લાઈનની નીચે નિર્માણ થતી અન્ય રચનાઓ માટે ઉપયોગી છે, જ્યાં મર્યાદિત સમયમાં સુરક્ષિત, મજબૂત અને ગુણવત્તાયુક્ત બાંધકામ જરૂરી હોય છે.

વસ્ત્રાપુરમાં આ સફળ પ્રોજેક્ટ સુરક્ષા, ઝડપ, ગુણવત્તા અને ટકાઉપણાના ઉત્તમ સમન્વયનું ઉદાહરણ છે તથા ભવિષ્યમાં રેલવેની આવી પરિયોજનાઓ માટે એક અસરકારક મોડેલ તરીકે ઉપયોગી સાબિત થઈ શકે છે. પશ્ચિમ રેલવે આધુનિક એન્જિનિયરિંગ અને બાંધકામ તકનીકો અપનાવીને મુસાફરો માટે સુરક્ષિત, સુવિધાજનક અને વધુ સારી રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ કરાવવાની દિશામાં સતત કાર્યરત છે.

---

નેપાળ પૂર હોનારત

# માનસરોવર યાત્રાએ ગયેલા સુરતના એક જ પરિવારના ૩ સભ્યો ગુમ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

નેપાળ-તિબેટ સરહદે આવેલા ભયાનક પૂર અને તારાજી વચ્ચે ગુજરાતના અનેક શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ ફસાયા છે. જેમાં સુરતના એક જ પરિવારના ત્રણ સભ્યો પણ લાપતા થતાં પરિવાજનોમાં ભારે ચિંતાનો માહોલ છવાયો છે. સુરત મૂળના પરેશ નટવરલાલ પટેલ, તેના પત્ની જ્યોતિબહેન પરેશ પટેલ (બંને US નિવાસી) અને તેની દીકરી મીનાક્ષીબહેન રામાણી (મુંબઈ નિવાસી) માનસરોવર યાત્રા દરમિયાન નેપાળ-તિબેટ સરહદે સંપર્ક વિહોણા બન્યા છે.

મળતી માહિતી મુજબ, પરેશ પટેલ અને જ્યોતિબહેન ૨૦મી ઓગસ્ટે યુએસથી નેપાળ ફરવા અને માનસરોવર યાત્રા માટે પહોંચ્યા હતા. જ્યારે તેમની દીકરી મીનાક્ષીબહેન ૨૨મી ઓગસ્ટે મુંબઈથી નેપાળ પહોંચીને તેમની સાથે જોડાઈ હતી. પરિવારના સભ્ય અને વૃદ્ધ માતા સુશીલાબહેન પટેલે જણાવ્યું કે, અમારી તેમની સાથે છેલ્લી વાતચીત ૨૩મી ઓગસ્ટે થઈ હતી. આ દરમિયાન તેઓ ઈમિગ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરીને તિબેટ સરહદ તરફ માનસરોવર યાત્રા માટે નીકળ્યા હતા. ત્યાર બાદથી તેમનો મોબાઈલ સ્વિચ ઓફ આવે છે અને કોઈ સંપર્ક થઈ શક્યો નથી.

અધિકૃત વિગતો અનુસાર, આ પરિવાર રિચા ટુર્સ મારફતે રસુવાગઢી-કેરુંગ રૂટ પરથી કૈલાશ માનસરોવર યાત્રા કરી રહ્યો હતો. ૨૬મી ઓગસ્ટે તિબેટ ક્ષેત્રમાં થયેલા ભારે ભૂસ્ખલન અને ભોટેકોશી નદીમાં આવેલા ભયાનક પૂરને કારણે કેરુંગ સરહદ અને ફ્રેન્ડશિપ બ્રિજ આસપાસના રસ્તાઓ ધોવાઈ ગયા છે તેમજ ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક સાવ ઠપ થઈ ગયું છે. ઘરમાં સંતાનોના કોઈ સમાચાર ન મળતા સુશીલાબેન પટેલ અને તેમનો પરિવાર ભારે આઘાતમાં છે. તેમણે સરકાર અને ભારતીય દૂતસચિવાલય પાસે અપીલ કરી છે કે નેપાળ પ્રશાસન સાથે સંકલન સાધીને તેમના પરિવારના ત્રણેય સભ્યોને સહીસલામત શોધીને પરત લાવવામાં આવે.

હાલમાં ગુજરાત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર અને વિદેશ મંત્રાલય દ્વારા નેપાળમાં ફસાયેલા ગુજરાતના પ્રવાસીઓ માટે હેલ્પલાઈન કાર્યરત કરી હાઈ-એલ્ટિટ્યૂડ રેસ્ક્યૂ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

---

સેવકોમાં ભારે ચિંતા!

# અયોધ્યાથી નેપાળ ગયેલા અમરેલીના મહંત ગોમતીદાસબાપુ સંપર્કવિહોણા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

નેપાળ-તિબેટ સરહદે આવેલા લાંગતાંગ ક્ષેત્રમાં ગ્લેશિયર તૂટવાને કારણે ભોટેકોશી નદીમાં ભયાનક પૂર આવ્યું છે. આ અચાનક આવેલી કુદરતી આપત્તિના પગલે નેપાળ અને કૈલાશ માનસરોવરની યાત્રાએ ગયેલા ગુજરાતી પરિવારોમાં ભારે ચિંતાનો માહોલ છવાઈ ગયો છે. ગુજરાત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર માહિતી અનુસાર, નેપાળ પ્રવાસે ગયેલા ગુજરાતના મૂળ વતનીઓ તેમજ વિદેશી નાગરિકતા (NRI) ધરાવતા મળીને કુલ ૨૪ નાગરિકો હાલ સંપર્કવિહોણા થયા છે.

સંપર્કવિહોણા થયેલા નાગરિકોમાં અમરેલી જિલ્લાના બે વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે. જેમાં એક અમેરિકી નાગરિકતા ધરાવતા દિનેશ પટેલ અને બીજા જાફરાબાદ સ્થિત ખંઢેરા હનુમાનજી મંદિરના મહંત કામતાપ્રસાદ બાબુલાલ ઉર્ફે ગોમતીદાસબાપુ છે.

મળતી માહિતી મુજબ, ગોમતીદાસબાપુ ગત ૧૦મી ઓગસ્ટે જાફરાબાદથી અયોધ્યા જવા માટે નીકળ્યા હતા. અયોધ્યાથી તેઓ સાધુ સમાજ સાથે નેપાળની યાત્રાએ રવાના થયા હતા.

જોકે, નેપાળ પહોંચ્યા બાદ અચાનક આવેલી પૂરની હોનારત પછી તેનો સંપર્ક તૂટી ગયો છે. મહંત ગોમતીદાસબાપુનો કોઈ પત્તો ન મળતાં અમરેલી અને જાફરાબાદ પંથકમાં તેમના વિશાળ સેવકગણ અને ભક્તોમાં ભારે ચિંતા અને અરેરાટી વ્યાપી ગઈ છે.

રાજ્ય સરકારના SEOC વિભાગ દ્વારા નેપાળ સ્થિત ભારતીય દૂતાવાસ અને સ્થાનિક પ્રશાસન સાથે સતત સંપર્ક જાળવીને ગુમ થયેલા તમામ ૨૪ નાગરિકોને ઝડપથી શોધી કાઢવા માટે રાહત અને બચાવ કામગીરી તેજ કરવામાં આવી છે.

---

## રાજકોટમાં ડિજિટલ અરેસ્ટનો ખતરનાક ખેલઃ મુંબઈ ક્રાઈમ બ્રાંચના નામે વૃદ્ધાને ડિજિટલ અરેસ્ટ કરી લાખો પડાવાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટ શહેરમાં સાયબર ક્રાઈમનો એક અત્યંત ચોંકાવનારો અને ગંભીર કિસ્સો સામે આવ્યો છે, જેમાં સાયબર ઠગોએ એક વયોવૃદ્ધ મહિલાને પોતાનો શિકાર બનાવીને લાખો રૂપિયાનો ચૂનો ચોપડ્યો છે. સાયબર ભોપાળાઓએ મુંબઈ ક્રાઈમ બ્રાંચના ઉચ્ચ અધિકારીઓ હોવાનો સ્વાંગ રચીને આ વૃદ્ધાને પોતાના જ ઘરમાં સળંગ એક સપ્તાહ (૭ દિવસ) સુધી ડિજિટલ અરેસ્ટ રાખી મૂક્યા હતા. કાયદાકીય કાર્યવાહી અને જેલની ધમકી આપીને ઠગોએ માનસિક રીતે ભાંગી પડેલા વૃદ્ધા પાસેથી અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ ૫૫.૫૦ લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા. લાખો રૂપિયા પડાવી લીધા બાદ પણ સાયબર ઠગોની ભૂખ સંતોષાઈ નહોતી અને તેમણે વૃદ્ધા પાસે વધુ ૪૩ લાખની માંગણી કરી હતી.

આટલી મોટી રકમની વ્યવસ્થા કરવા માટે વૃદ્ધાએ મુંબઈ સ્થિત પોતાની પુત્રીનો સંપર્ક કરતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. પુત્રીને તરત જ ખ્યાલ આવી ગયો હતો કે તેના માતા સાયબર ફ્રોડનો શિકાર બન્યા છે. તેણે સમય સૂચકતા વાપરીને તુરંત જ રાજકોટ પોલીસનો સંપર્ક કર્યો હતો.

ઘટનાની ગંભીરતા સમજીને રાજકોટ સાયબર ક્રાઈમ અને સ્થાનિક પોલીસે તાત્કાલિક વૃદ્ધ મહિલાના ઘરે પહોંચીને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસે યોગ્ય સમયે હસ્તક્ષેપ કરીને વૃદ્ધાના બીજા રૂ.૪૩ લાખ ઠગોના ખાતામાં જતા અટકાવ્યા હતા. હાલમાં પોલીસે પીડિત મહિલાની ફરિયાદના આધારે ગુનો નોંધી, જે બેંક ખાતાઓમાં રકમ ટ્રાન્સફર થઈ છે તેના ડેટા અને મોબાઈલ નંબરના આધારે ડિજિટલ ગઠિયાઓને ઝડપી પાડવા માટે ચક્રગતિમાન કર્યા છે.

---

તનેપાળમાં ત્રાસદી વચ્ચે માનવતા શર્મસાર

# મહિલાના મૃતદેહ પરથી સોનાના ઘરેણાં ચોરતો VIDEO વાઈરલ

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમંડુ

નેપાળમાં કુદરતના કોપ અને વિનાશક પૂરની તબાહી વચ્ચે શરમજનક અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ભીષણ પૂરમાં તણાઈ આવેલી એક મૃતક મહિલાના શવમાંથી કેટલાક લોકો સોનાની બુટ્ટીઓ ચોરતા હોય તેવો વીડિયો વાઈરલ થયો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં જ ભારે આક્રોશ જોવા મળ્યો હતો, જે બાદ નેપાળ પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આરોપીઓની ધરપકડ કરી લીધી છે. મળતી વિગતો અનુસાર, સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલો આ વીડિયો ૪૧ સેકન્ડનો છે. જેમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે બે શખસો પૂરમાં તણાઈને આવેલા એક મહિલાના મૃતદેહને લાકડાના પાટિયા અને વાળ પકડીને બહાર ખેંચી રહ્યા છે. ત્યારબાદ તેઓ મૃતદેહના બંને કાનમાંથી સોનાની બુટ્ટીઓ કાઢીને એક તરફ મૂકી દે છે. આઘાતજનક બાબત એ છે કે આસપાસ ઊભેલા લોકો આ કૃત્ય અટકાવવાને બદલે મૂકપ્રેક્ષક બનીને જોઈ રહ્યા હતા અને કેટલાક લોકો પોતાના મોબાઈલમાં આ શરમજનક ઘટનાનો વીડિયો ઉતારી રહ્યા હતા. વીડિયો ઈન્ટરનેટ પર ઝડપથી વાઈરલ થતાં લોકોએ ભારે ફિટકાર વર્સાવ્યો હતો અને આરોપીઓ સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. મામલાની ગંભીરતાને ધ્યાને રાખી નેપાળ પોલીસે 'X' પર પોસ્ટ કરીને જાણકારી આપી હતી કે મૃતકના કાનમાંથી બુટ્ટીઓ ચોરનારા આરોપીઓને ઝડપી પાડી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, નેપાળ અને તિબેટ સરહદી વિસ્તારમાં આવેલી ભયાનક પૂરની હોનારતમાં અત્યાર સુધીમાં ૪૦૦થી વધુ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે આશરે ૧,૪૦૦થી વધુ લોકો હજુ પણ લાપતા છે. આ કુદરતી આફત વચ્ચે આવી હીન માનસિકતા ધરાવતી ઘટનાએ માનવતાને ઝંઝોડી મૂકી છે.

---

દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાન

# શ્રીલંકા સામે સિરીઝ જીતવા છતાં ભારત માટે WTC ફાઈનલની રાહ મુશ્કેલ

## વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૭ પોઈન્ટ ટેબલમાં ઓસ્ટ્રેલિયા ૮૦% પોઈન્ટ ટકાવારી સાથે ટોચ પર છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૭ એક એવા તબક્કામાં પહોંચી ગઈ છે, જ્યાં દરેક ટેસ્ટ જીત ફાઈનલ સુધીની રેસને ફરીથી નવો આકાર આપી શકે છે. વર્તમાન ચક્રમાં ઓસ્ટ્રેલિયા ૧૦ મેચમાંથી ૮ જીત અને ૮૦% પોઈન્ટ ટકાવારી સાથે સૌથી આગળ છે. તેમના પછી દક્ષિણ આફ્રિકા (૭૫%) અને ન્યુઝીલેન્ડ (૭૨.૨૨%) મજબૂત સ્થિતિમાં છે. ભારતની વાત કરીએ તો, ટીમ ૧૧ ટેસ્ટમાં ૫ જીત અને ૫૧.૫૨% પોઈન્ટ ટકાવારી સાથે પાંચમા સ્થાને છે. ગાલેમાં શ્રીલંકાને ૧૬૫ રનથી હરાવ્યા પછી, ભારતે કોલંબો ટેસ્ટ ડ્રો કરી અને બે મેચની શ્રેણી ૧-૦થી જીતી લીધી. જોકે, ફાઈનલની રેસમાં ટકી રહેવા માટે હવે સાવધાની રાખવી પડશે.




૧. ઓસ્ટ્રેલિયા
મેચઃ ૧૦ । જીતઃ ૮ । પોઈન્ટ ટકાવારીઃ ૮૦
સૌથી વધુ રનઃ ટ્રેવિસ હેડ (૯૧૪)
સૌથી વધુ વિકેટઃ મિશેલ સ્ટાર્ક (૫૮)

WTC ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાએ આ ચક્રમાં શાનદાર શરૂઆત કરી છે. વેસ્ટ ઈન્ડિઝ સામે શ્રેણીમાં ક્લીન સ્વીપ કર્યા પછી, તેઓએ ઘરઆંગણે એશિઝ પણ જાળવી રાખી.બાંગ્લાદેશ સામે હારથી તેમની લીડ ઓછી થઈ ગઈ, પરંતુ મેકેમાં વિજયથી ઓસ્ટ્રેલિયાને તેમની સ્થિતિ મજબૂત કરવામાં મદદ મળી. ૧૦ મેચમાં માત્ર બે હાર સાથે, ટીમ સતત ત્રીજી વખત WTC ફાઈનલમાં પહોંચવા માટે એક મજબૂત દાવેદાર છે. દક્ષિણ આફ્રિકા અને ભારતના પડકારજનક પ્રવાસો આગળ છે, જ્યારે ન્યુઝીલેન્ડ ૨૦૨૬ના અંતમાં ચાર ટેસ્ટ માટે ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરવા માટે તૈયાર છે.

૨. દક્ષિણ આફ્રિકા
મેચઃ ૪ । જીતઃ ૩ । પોઈન્ટ ટકાવારીઃ ૭૫
સૌથી વધુ રનઃ ટોની ડી જોર્ઝી (૨૭૮)
સૌથી વધુ વિકેટઃ સિમોન હાર્મર (૩૦)

ડિફેન્ડિંગ ચેમ્પિયન દક્ષિણ આફ્રિકાએ ભારતને ઘરઆંગણે ૨-૦થી હરાવીને પોતાનો દાવો મજબૂત બનાવ્યો. ભારતમાં ટેસ્ટ શ્રેણી વિજય ૨૫ વર્ષ પછી મેળવ્યો તેમના અભિયાનના સૌથી મોટા હાઈલાઈટ્સમાંનો એક હતો. પાકિસ્તાન સામે શ્રેણી ડ્રો કરવા છતાં ટીમે ચાર ટેસ્ટમાંથી ત્રણ જીત મેળવી છે. હવે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ જેવી મજબૂત ટીમો દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ કરવાની છે.

૩. ન્યુઝીલેન્ડ
મેચઃ ૬ । જીતઃ ૪ । પોઈન્ટ ટકાવારીઃ ૭૨.૨૨
સૌથી વધુ રનઃ ડેવોન કોનવે (૬૭૬)
સૌથી વધુ વિકેટઃ જેકબ ડફી (૨૩)

શરૂઆતમાં WTC ચેમ્પિયન ન્યુઝીલેન્ડે આ ચક્રમાં મોડી શરૂઆત કરી હતી પરંતુ શાનદાર શરૂઆત રહી. વેસ્ટ ઈન્ડિઝ સામે શ્રેણી જીત્યા પછી તેઓએ તેમના ઘરઆંગણે ઈંગ્લેન્ડને ૨-૧થી હરાવ્યું. પ્રથમ ટેસ્ટ હાર્યા પછી સતત બે જીત મેળવવી એ ન્યુઝીલેન્ડની સ્થિતિસ્થાપકતા દર્શાવે છે. છ ટેસ્ટમાંથી તેમની ચાર જીત છે. ભારત અને શ્રીલંકા સામેની ઘરઆંગણે શ્રેણી ઉપરાંત, તેઓ ઓસ્ટ્રેલિયા અને પાકિસ્તાનના મુશ્કેલ પ્રવાસ માટે પણ છે.

૪. બાંગ્લાદેશ
મેચઃ ૬ । જીતઃ ૩ ।
પોઈન્ટ ટકાવારીઃ ૫૫.૫૬
સૌથી વધુ રનઃ નજમુલ હુસૈન શાંતો (૬૪૭)
સૌથી વધુ વિકેટઃ તૈજુલ ઈસ્લામ (૨૪)

શ્રીલંકામાં શરૂઆતની શ્રેણી હારવા છતાં બાંગ્લાદેશે શાનદાર વાપસી કરી છે. ઓસ્ટ્રેલિયાને તેના ઘરઆંગણે હરાવીને ટીમે ડબ્લ્યુટીસી ફાઈનલની રેસમાં મજબૂત દાવો કર્યો છે. પાકિસ્તાન સામેની ઘરઆંગણેની શ્રેણીમાં વિજય પણ તેમના અભિયાન માટે મહત્વપૂર્ણ હતો. હવે બધાની નજર વેસ્ટ ઈન્ડીઝ અને ઈંગ્લેન્ડ સામેની આગામી ઘરઆંગણેની શ્રેણી તેમજ દક્ષિણ આફ્રિકાના પ્રવાસમાં બાંગ્લાદેશના પ્રદર્શન પર રહેશે.

૫. ભારત
મેચઃ ૧૧ । જીતઃ ૫ ।
પોઈન્ટ ટકાવારીઃ ૫૧.૫૨
સૌથી વધુ રનઃ શુભમન ગિલ (૧૦૨૪)
સૌથી વધુ વિકેટઃ મોહમ્મદ સિરાજ (૪૩)

ઈંગ્લેન્ડ સામેની રોમાંચક શ્રેણી ડ્રો અને દક્ષિણ આફ્રિકા સામેની ઘરઆંગણે ૦-૨થી હારથી ભારત ડબ્લ્યુટીસી ટેબલમાં નીચે ધકેલાઈ ગયું. અગાઉ બે વાર ફાઈનલમાં રનર્સ-અપ રહ્યા પછી ભારતે હવે તેના અભિયાનનો અડધાથી વધુ સમય પૂર્ણ કર્યો છે અને તેને ઝડપથી તેની સ્થિતિ સુધારવાની જરૂર છે. ભારતે શ્રીલંકા પ્રવાસની શરૂઆત ગાલેમાં ૧૬૫ રનની શાનદાર જીત સાથે કરી હતી. દેવદત્ત પડિકલની સદી અને માનવ સુથારની ઘાતક બોલિંગે ભારત માટે મોટી જીત મેળવી. ટીમ કોલંબોમાં શ્રેણી ૨-૦થી જીતવા માટે તૈયાર હતી, પરંતુ સોનલ દિનુષાની શાનદાર ઈનિંગે શ્રીલંકાને ડ્રો તરફ દોરી ગઈ.

શ્રીલંકા સામે ભારતે શ્રેણી ૧-૦થી જીતી હતી, પરંતુ તેઓ ફાઈનલની રેસમાં હજુ પણ પાછળ છે. ભારત હવે ન્યુઝીલેન્ડ સામે બે ટેસ્ટ રમવાનું છે. ત્યારબાદ ઓસ્ટ્રેલિયા સામેની પાંચ ટેસ્ટની ઘરઆંગણે શ્રેણી તેમની ડબ્લ્યુટીસી ફાઈનલ આશાઓ માટે મહત્વપૂર્ણ રહેશે. આ મેચોમાં જીતશે તો ટીમ માટે WTC ફાઈનલની આશાઓ જીવંત રહી શકે છે.

ઓસ્ટ્રેલિયા હાલમાં આગળ છે, દક્ષિણ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ નજીક છે. બાંગ્લાદેશ અને ભારત વચ્ચે પણ બહુ અંતર નથી, તેથી આગામી ટેસ્ટ મેચો સ્ટેન્ડિંગને સંપૂર્ણપણે બદલી શકે છે. ભારત માટે ન્યુઝીલેન્ડનો પ્રવાસ અને ઓસ્ટ્રેલિયા સામેની પાંચ ટેસ્ટ મેચની ઘરઆંગણે શ્રેણી ખાસ કરીને નિર્ણાયક સાબિત થઈ શકે છે.

---

# દ. આફ્રિકાના પૂર્વ કેપ્ટન ડીન એલ્ગરે પ્રોફેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)કેપટાઉન

દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ કેપ્ટન અને વિશ્વના સૌથી ભરોસાપાત્ર ટેસ્ટ ઓપનરો પૈકીના એક ડીન એલ્ગરે તમામ પ્રકારના પ્રોફેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની સત્તાવાર જાહેરાત કરી છે. ૩૯ વર્ષીય એલ્ગર વર્તમાન કાઉન્ટી ચેમ્પિયનશિપ ૨૦૨૬ની સિઝન પૂર્ણ થતાં જ ક્રિકેટના તમામ ફોર્મેટને કાયમ માટે અલવિદા કહી દેશે. લગભગ દોઢ દાયકા લાંબી ક્રિકેટ કારકિર્દી ધરાવતા એલ્ગરે નિવૃત્તિનું કારણ જણાવતાં કહ્યું હતું કે, હવે જીવનના આગામી અધ્યાય તરફ આગળ વધવાનો અને પોતાના પરિવારને પ્રાથમિકતા આપી તેમની સાથે વધુ સમય વિતાવવાનો યોગ્ય સમય આવી ગયો છે. ડીન એલ્ગરે વર્ષ ૨૦૧૨માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું અને લગભગ ૧૨ વર્ષ સુધી દક્ષિણ આફ્રિકાની ટેસ્ટ ટીમનો મુખ્ય આધારસ્તંભ રહ્યો હતોઃ

**ટેસ્ટ આંકડાઃ** એલ્ગરે સાઉથ આફ્રિકા માટે કુલ ૮૬ ટેસ્ટ મેચ રમી હતી, જેમાં ૩૫.૯૨ની એવરેજથી ૫,૩૪૭ રન બનાવ્યા છે. તેના નામે ૧૪ સદી અને ૨૩ અડધી સદી નોંધાયેલી છે.

**સર્વોચ્ચ સ્કોરઃ** તેનો સર્વોચ્ચ સ્કોર ૧૯૯ રન રહ્યો હતો, જે તેણે વર્ષ ૨૦૧૭માં બાંગ્લાદેશ સામે બનાવ્યો હતો.

**બેટિંગ ઓળખઃ** આક્રમક શોટ્સ રમવા કરતાં પણ મુશ્કેલ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં ક્રિઝ પર ટકી રહીને ધીરજપૂર્વક લાંબી ઈનિંગ રમવા માટે તે વિશ્વભરમાં જાણીતો રહ્યો હતો.

**વનડે રેકોર્ડઃ** એલ્ગરે સાઉથ આફ્રિકા માટે ૮ વનડે મેચ પણ રમી હતી, જેમાં તેણે ૧૭.૩૩ની એવરેજથી ૧૦૪ રન બનાવ્યા હતા.

**ભારત સામે સેન્ચુરિયનમાં ૧૮૫ રન અને યાદગાર ફેરવેલ ટેસ્ટ**

ડીન એલ્ગરે વર્ષ ૨૦૨૪ની શરૂઆતમાં ભારત સામે રમાયેલી ઘરઆંગણાની ટેસ્ટ શ્રેણી બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. કેપટાઉનમાં રમાયેલી અંતિમ ટેસ્ટ દરમિયાન ઈજાગ્રસ્ત નિયમિત કેપ્ટન ટેમ્બા બાવુમાની ગેરહાજરીમાં એલ્ગરને ટીમની કમાની સોંપવામાં આવી હતી.

પોતાની ફેરવેલ સીરિઝમાં યાદગાર પ્રદર્શન કરતાં તેણે સેન્ચુરિયન ટેસ્ટમાં ૧૮૫ રનની શાનદાર ઈનિંગ રમી હતી, જેના દમ પર દક્ષિણ આફ્રિકાએ ભારત સામે ઈનિંગથી જીત મેળવી હતી અને ટેસ્ટ શ્રેણી ૧-૧થી બરાબર કરી હતી.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા બાદ ટેસ્ટ ક્રિકેટના મર્યાદિત શેડ્યૂલને કારણે એલ્ગરે ઈંગ્લેન્ડની કાઉન્ટી ક્રિકેટ તરફ વળવાનો નિર્ણય કર્યો હતો. એસેક્સ ક્લબમાં તે નિવૃત્ત થયેલા દિગ્ગજ બેટર એલેસ્ટર કૂકની જગ્યા ભરવા જોડાયો હતોઃ

# વરિષ્ઠ પત્રકાર રાજદીપ સરદેસાઈ અને સવાલો પૂછનારાઓને "દિમાગી નક્સલ" કહેવા બદલ ભાજપની ભારે ટીકા થઈ રહી છે

(નીડર,નિષ્પક્ષ, તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

ભારતમાં લોકશાહી છે અને લોકશાહીમાં પત્રકારોનું કામ સરકાર પર સવાલ ઉઠાવવાનું, નીતિઓની સમીક્ષા કરવાનું અને જનતા સુધી હકીકતો પહોંચાડવાનું છે. જો પત્રકારોને રાજકીય વિરોધીઓ અથવા દુશ્મનો તરીકે દર્શાવવામાં આવે છે, તો તે મીડિયા સ્વતંત્રતાને નબળી પાડશે.

એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયાએ ભાજપના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર સરકારી પ્રશ્નકર્તાઓ અને વરિષ્ઠ પત્રકાર રાજદીપ સરદેસાઈને "દિમાગી નક્સલ" કહીને નિશાન બનાવવાની નિંદા કરી છે.

વધુમાં ગિલ્ડે જણાવ્યું હતું કે, પત્રકાર સરકાર પર પ્રશ્ન ઉઠાવે છે અથવા તેની નીતિઓનું વિશ્લેષણ કરે છે તેના કારણે તેને જાહેરમાં બદનામ કરવાની આ પ્રવૃત્તિ લોકશાહી મૂલ્યો અને પ્રેસ સ્વતંત્રતાની વિરુદ્ધ છે.

એડિટર્સ ગિલ્ડનું આ કડક નિવેદન ભાજપ દ્વારા સરકાર પર પ્રશ્ન કરનારાઓને "દિમાગી નક્સલ" ગણાવતો એક વિડીયો બહાર પાડ્યા બાદ આવ્યું છે.

ગિલ્ડે કહ્યું કે સૌથી ગંભીર બાબત એ છે કે, આ હુમલો કોઈ અજાણ્યા જૂથ અથવા સોશિયલ મીડિયા ટ્રોલ દ્વારા કરવામાં આવ્યો નથી, પરંતુ શાસક પક્ષના સત્તાવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવ્યો છે. ભાજપ સરકાર ટીકાકારો, બૌધ્ધિકો અને વિપક્ષી નેતાઓને નવા રાજકીય લેબલ આપીને તેમના અવાજને દબાવવાનો પ્રયાસ કરી રહી છે. સરકાર તેના ટીકાકારોને પ્રશ્નોના જવાબ આપવાને બદલે, તેમને અન્ય નામ આપીને બદનામ કરવાનો પ્રયાસ કરી રહી છે. એડિટર્સ ગિલ્ડે જણાવ્યું હતું કે, મીડિયા માટે મુક્ત રીતે કામ કરવા માટે સતત અખબારોમાં પણ સંકોચાતી જગ્યાને કારણે ભારત રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ ૨૦૨૬ વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં ૧૮૦ દેશોમાંથી ૧૫૭ માં સ્થાને સરકી ગયું છે. લોકશાહીમાં, સરકારની ટીકા, પ્રશ્નો ઉઠાવવા અને સ્વતંત્ર પત્રકારત્વ લોકશાહી પ્રક્રિયાના કુદરતી ભાગો છે. આને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ સાથે જોડવું યોગ્ય નથી.

# કાયદાની તાકાત તેની કડકાઈમાં નહીં, તેની નિષ્પક્ષતા માં છે

(નીડર, નિષ્પક્ષ તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

આપણા દેશમાં હવે ન્યાયતંત્ર પ્રત્યે લોકોનો વિશ્વાસ એટલા માટે ડગમગી ગયો છે કે કેટલાંક ચૂકાદાઓએ સમાજને દિગ્મૂઢ કરી નાખ્યા છે. જ્યાં લોકોને ડરાઈને કોઈ પ્રકારે ન્યાયતંત્ર પર પરોક્ષ રીતે અથવા દબાણનો સામનો કરી ને પણ લડત ચાલુ રાખવી પડે છે. પછી એ દબાણો કોઈ રાજકારણીના હોય, કોઈ ધર્મના નામે આડંબર કરી નેતાઓને આંજી નાખી આશ્રમો ઉભા કરનારા બાપાઓ, બાપુઓના કેમ ન હોય?

તાજેતરનો દાખલો જોઈએ જ્યાં જંતરમંતર પર થયેલા આંદોલનમાં પોલીસ દ્વારા ચલાવાયેલી પેલેટગન થી ઈજા પામેલી વ્યક્તિની FIR નોંધાવવા લોકસભાના વિરોધ પક્ષના નેતાને જો સાત-સાત કલાક બેસવું પડતું હોય ત્યારે FIR નોંધાતી હોય ત્યારે તપાસ એ ઉભો થાય છે કે પોલીસ તંત્ર પર કોનું દબાણ છે? કે જે ઘાયલ વ્યક્તિને થયેલી ઈજા અંગેની FIR નોંધવાની પણ ના પાડી ને પછી સાત કલાકે FIR નોંધે છે અને એ પણ લોકસભાના વિરોધ પક્ષના નેતા ને કારણે નોંધે છે. ત્યારે સામાન્ય માનવીનું કોણ ?

આ સવાલ એટલા માટે ઉભો થાય છે કે ભારે પહોંચ ધરાવતા રામ રહીમનો મામલો એટલા માટે પણ સંવેદનશીલ છે કે તેની સજા સામાન્ય ગુનાની નથી.

બે સાધ્વીઓ પર બળાત્કારના કેસમાં તેને દોષિત ઠેરવીને લાંબી કેદની સજા આપવામાં આવી છે. આવા કિસ્સામાં પીડિતોના ન્યાય, તેમની માનસિક સ્થિતિ અને સમાજમાં કાયદા પ્રત્યેના વિશ્વાસને વિશેષ મહત્વ મળવું જોઈએ.

આરોપી કે દોષિતને કાયદાકીય અધિકારો મળવા જોઈએ, પરંતુ પીડિતોના અધિકારો અને સમાજના વિશ્વાસને પણ એટલું જ મહત્વ આપવું જરૂરી છે. અહીં બીજો એક મહત્વનો મુદ્દો છે પેરોલ અને ફરલો વચ્ચેનો તફાવત. બંનેને સામાન્ય ભાષામાં "જેલમાંથી બહાર આવવું" કહેવામાં આવે છે. પરંતુ કાયદાકીય રીતે બંને અલગ વ્યવસ્થાઓ છે. ફરલો સામાન્ય રીતે કેદની સજા દરમિયાન ચોક્કસ શરતો હેઠળ આપવામાં આવતી અસ્થાયી મુક્તિ છે. તેથી માત્ર "વારંવાર બહાર આવવું" જોઈને કાયદાનો ભંગ થયો છે એવું કહી શકાય નહીં. પરંતુ વારંવાર મુક્તિ આપવામાં આવે ત્યારે તેના કારણો, માપદંડો અને નિર્ણય પ્રક્રિયા જાહેર અને પારદર્શક હોવી જોઈએ. આમ એક ને ગોળ અને એક ને ખોળ જેવી નીતિથી આ બંધારણિય સિદ્ધાંત પર લોકોનો વિશ્વાસ નબળો પડી શકે છે.

### ચોમાસાની વિદાયને આડે માંડ ૨૦-૨૫ દિવસ બાકી

# ગુજરાતમાં વરસાદ ખેંચાતા સંકટ: ૧૭ જિલ્લામાં દુષ્કાળનો ભય

## જૂનાગઢ જિલ્લામાં માત્ર ૧૯.૧૪% પાણી : જૂનાગઢના ૧૪ ડેમમાં પાણીનો જથ્થો તળિયે પહોંચ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ચોમાસાની વિદાયના આડે હવે અંદાજે ૨૦થી ૨૫ દિવસ બાકી રહ્યાં છે, ત્યારે વરસાદની ઘટે ખેડૂતોની ચિંતા વધારી છે. ગુજરાતમાં ચોમાસાની વિદાયને હવે ગણતરીના ૨૦થી ૨૫ દિવસ બાકી રહ્યા છે, ત્યારે રાજ્યના ૧૭ જિલ્લાઓમાં દુકાળ જેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. અલ નીનોની વિપરીત અસરના કારણે સિઝનના ૬૫ દિવસ વિતી ગયા હોવા છતાં અનેક વિસ્તારોમાં ૩ ટકાથી લઈને ૮૭ ટકા સુધી વરસાદની ભારે ઘટ નોંધાઈ છે. ખાસ કરીને દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર અને કચ્છ જિલ્લામાં હાલત અત્યંત ખરાબ છે. જો સપ્ટેમ્બર મહિનામાં યોગ્ય વરસાદ નહીં થાય તો કપાસ, સોયાબીન, મકાઈ અને કઠોળ જેવા ખરીફ પાકો બળીને ખાખ થઈ જવાની ભીતિ છે, તેમજ જમીનમાં ભેજના અભાવે આગામી રવિ સિઝનના વાવેતર પર પણ માઠી અસર પડી શકે છે, સૌરાષ્ટ્ર વિસ્તારમાં ચોમાસાની શરૂઆતમાં જુલાઈ મહિનામાં ૪૦ ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાયો હોવા છતાં સોરઠના જળાશયોમાં પાણીની ભારે અછત વર્તાઈ રહી છે.

જૂનાગઢ જિલ્લાના ૧૪ મુખ્ય ડેમોમાં હાલ માત્ર ૧૯.૧૪% પાણીનો જથ્થો જ બાકી રહ્યો છે. આખા શ્રાવણ મહિનો કોરો જતાં ખેડૂતો માટે સિંચાઈ અને સ્થાનિકો માટે પીવાના પાણીનું ઘેરૂ સંકટ ઊભું થયું છે. ખેતરોમાં ઊભેલો મોંઘોદાટ પાક પાણી વગર સુકાઈ રહ્યો છે, જેના કારણે ખેડૂતોની ચિંતામાં મોટો વધારો થયો છે. બીજી તરફ, સમગ્ર સૌરાષ્ટ્રમાં સરખામણી કરીએ તો માત્ર ભાવનગર જિલ્લાના જળાશયોમાં સૌથી વધુ ૯૭.૨૯% પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. સમગ્ર રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ ૭ ટકા વરસાદની ઘટ નોંધાઈ છે. જોકે, ગુજરાત રીજનમાં સામાન્ય કરતાં ૯ ટકા વધુ વરસાદ થયો છે, પરંતુ સૌરાષ્ટ્ર વિસ્તારમાં પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક છે જ્યાં સામાન્ય કરતાં આશરે ૩૦ ટકા વરસાદની તંગી છે. અમદાવાદ અને ગાંધીનગરમાં તાપમાન ૩૩ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સાથે ભેજવાળું વાતાવરણ જળવાઈ રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સામાન્ય રીતે સપ્ટેમ્બરના અંત કે ઓક્ટોબરની શરૂઆતમાં ચોમાસું વિદાય લેતું હોય છે. આગામી દિવસોમાં કોઈ ભારે વરસાદની શક્યતા નથી, પરંતુ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડી શકે છે. જોકે, ગુજરાત રીજનમાં સામાન્ય કરતાં ૯ ટકા વધુ વરસાદ નોંધાયો. સૌરાષ્ટ્રમાં સ્થિતિ ચિંતાજનક છે અને અહીં સામાન્ય કરતાં આશરે ૩૦ ટકા વરસાદની ઘટ નોંધાઈ છે.

### જામનગરના ૧૧ લોકો સામે ફરિયાદ

# રોલ્સ રોયસમાં ફરતા બિલ્ડરે વ્યાજખોરોના ત્રાસથી ટૂંકાવ્યું હતું જીવન

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

રિયલ એસ્ટેટ ક્ષેત્રે મોટું નામ ગણાતા જામનગરના બિલ્ડર મેરામણ પરમારે ગત વર્ષ ૨૦૨૫ના જાન્યુઆરીમાં આપઘાત કર્યો હતો અને આ કેસમાં હવે એવો ખુલાસો થયો છે. બિલ્ડરે વ્યાજખોરોના ત્રાસથી જીવન ટૂંકાવી લીધુ હતું. આ મામલે અડાલજ પોલીસ મથકમાં પોલીસ ફરિયાદ નોંધાઈ. જામનગરના ૧૧ લોકો સામે આ ફરિયાદ નોંધાઈ છે.

મૃતક બિલ્ડરના પુત્ર દેવ પરમાર કે જેઓ હાલ અમદાવાદમાં રહે છે તેમણે અડાલજ પોલીસ મથકમાં ૧૧ આરોપીઓ સામે ગુનાહિત ષડયંત્ર રચવા અને આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કર્યો છે. વ્યાજે લીધેલા નાણાની સામે કરોડો રૂપિયાની વસુલાતનો આરોપ છે. વસુલાત બાદ પણ માનસિક ત્રાસ આપતા બિલ્ડરે આ પગલું ભર્યું. ઘટનાના ૧૦ દિવસ બાદ બિલ્ડરના નિવાસ સ્થાનેથી બે સ્યૂસાઈડ નોટો મળી હતી જેમાં કરોડો રૂપિયાના વ્યાજની વસુલાત અને પ્રોપર્ટી લખાવી લેવાનો આરોપ લગાવ્યો હતો.

રિયલ એસ્ટેટનું મોટું નામ એવા બિલ્ડર મેરામણ પરમારે જ્યારે ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ અડાલજ રોડ પરથી પસાર થતા હતા ત્યારે એવું કહેવાય છે કે ડ્રાઈવરને પાન લેવા મોકલીને પોતે ઝેરી દવા પી લીધી હતી અને ત્યારબાદ તબિયત બગડતા તેમને તાબડતોબ ગોતા-વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલી કેડી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. એ વખતે તો પોસ્ટમોર્ટમ બાદ તેમના મૃતદેહના અંતિમ સંસ્કાર કરી દેવામાં આવ્યા હતા. પરંતુ ત્યારબાદ ૧૦ દિવસે તેમના પત્નીને ઘરમાંથી એક કવર મળ્યું જેમાં તેમના હાથે લખેલી ૨ સ્યૂસાઈડ નોટ મળી હતી. આ સ્યૂસાઈડ નોટોથી મોટો ખુલાસો થયો હતો. આ અગાઉ પણ તેમણે ૨૦૨૦માં મોડી રાતે માંકડ મારવાની ઝેરી દવા પીને આપઘાત કરવાની કોશિશ કરી હોવાની માહિતી છે.

પહેલી સ્યૂસાઈડ નોટ કે જે ચાર પાનાની હતી તેમાં જામનગરના વ્યાજખોરો ભીખુભા હરીસિંહ વાઢેર અને તેમના પુત્રોએ વ્યાજની રકમ ૩ ટકા વ્યાજ સાથે ચૂકવી હોવા છતાં સેફ્ટી માટેની મિલ્કત પરત ન આપતા હોવા અને છતાં વ્યાજવસૂલી કરી માનસિક ત્રાસ આપતા હોવાનો આક્ષેપ હતો.

બીજી સ્યૂસાઈડ નોટમાં પ્રવિણ લક્ષ્મણભાઈ દોમડીયા અને તેમના પરિવારે ઢીચડાની નંદ વિદ્યા નિકેતન સ્કૂલની ૫૦ ટકા મિલકતનો દસ્તાવેજ સેફ્ટી પેટે કરાવ્યા બાદ સાડા ત્રણ કરોડ વધુ માંગણી કરીને ત્રાસ આપતા હોવાનો અલ્લેખ છે.

તમને જણાવી દઈએ કે મેરામણ પરમાર તેમની વૈભવી જીવનશૈલી માટે પણ જાણીતા હતા. તેમણે સૌરાષ્ટ્રની પહેલ વહેલી ૬.૫ કરોડની રોલ્સ રોયસ કાર ખરીદી હતી. આ સિવાય પણ અનેક મોંઘી ગાડીઓનો તેઓ કાફલો ધરાવતા હતા. મૃતકની સ્યૂસાઈડ નોટ સામે આવતા તેમના પુત્ર દેવ પરમાર અને ભાગીદાર હરીશ ઓડેરાએ બેંક અને સબ રજિસ્ટ્રાર કચેરીના દસ્તાવેજોની ચકાસણી કરતા ચોંકાવનારી વિગતો સામે આવી અને વ્યાજખોરોનો ભાંડો ફૂટ્યો. જે નાણા વ્યાજે લીધા હતા તેની સિક્યુરિટી અને જામીનગીરી પેટે વાઢેર પરિવારે જામનગર શહેર, લાખાબાવળ, મસિતીયા, નગરસીમ, ઢીચડા રાવલસર જેવા ગામની સીમમાં આવેલી લગભગ ૨૮ જેટલી પ્રોપર્ટી જેમાં જમીનો અને પ્લોટોના વેચાણ દસ્તાવેજો પોતાના અને પરિવારની મહિલાઓના નામે કરાવ્યા હતા. જ્યારે જામનગરના ઢીચડા ગામની 'નંદ વિદ્યા નિકેતન સ્કૂલ'ની ૭,૦૨૧ ચો.મી. મિલકતમાં ૫૦% હિસ્સો દોમડીયા દંપતીએ સિક્યુરિટી પેટે પોતાના નામે કરાવ્યો હતો. પાંચ વર્ષ સુધી કરોડોનું વ્યાજ ચૂકવ્યા બાદ પણ સ્કૂલની ૧૦૦% મિલકતનો કબજા વગરનો કરાર પુત્ર વિશાલ દોમડીયાના નામે કરાયો હોવાનો આક્ષેપ છે.

### 'ખેલ મહાકુંભ'થી ઓલિમ્પિક્સના સપના સુધી, રમતગમત ક્ષેત્રે ગુજરાતની સ્વર્ણિમ છલાંગ

# રમશે ગુજરાત, જીતશે ગુજરાત: આધુનિક સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી રાજ્યના યુવા રમતવીરોનું સશક્તિકરણ

## સ્પોર્ટ્સ હબ બનતું ગુજરાત: વૈશ્વિક સ્ટેડિયમથી લઈને છેવાડાના ખેલાડી સુધીનો સુવર્ણ અધ્યાય

શબ્દાંકન: સંજય શુક્લ, પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદ

હોકીના મહાન ખેલાડી મેજર ધ્યાનચંદની જન્મજયંતિ એટલે કે 'રાષ્ટ્રીય રમતગમત દિવસ' નિમિત્તે રાજ્યની રમતગમત નીતિના સફળ પરિણામો સામે આવ્યા છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલા 'ખેલ મહાકુંભ'ને કારણે ગુજરાતમાં રમતગમત ક્ષેત્રે ક્રાંતિ આવી છે.'શક્તિદૂત યોજના' અને 'ઈન-સ્કૂલ પ્રોગ્રામ' હેઠળ રાજ્યના ઉભરતા ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તરનું કોચિંગ, પૌષ્ટિક આહાર અને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી અને જિલ્લા સ્તરે સ્પોર્ટ્સ સંકુલોના નિર્માણને કારણે આજે ગુજરાતના ખેલાડીઓ નેશનલ અને ઈન્ટરનેશનલ કક્ષાએ સુવર્ણચંદ્રકો જીતીને રાજ્યનું નામ રોશન કરી રહ્યા છે.

મેજર ધ્યાનચંદની જન્મજયંતી નિમિત્તે દર વર્ષે ૨૯મી ઓગસ્ટે ઉજવાતો 'રાષ્ટ્રીય રમતગમત દિવસ' રમતના ઉત્સાહ અને ખેલદિલીનો પર્વ છે. આજે ૨૯મી ઓગસ્ટ ૨૦૨૬ના દિવસે જ્યારે સમગ્ર દેશ રમતગમતના મહત્વને બિરદાવી રહ્યો છે, ત્યારે ગુજરાત રાજ્ય રમતના ક્ષેત્રે એક અનોખો જ સાહસિક અને સ્વર્ણિમ અધ્યાય લખી રહ્યું છે. એક સમય હતો જ્યારે ગુજરાતની ઓળખ માત્ર વેપાર-ઉદ્યોગ પૂરતી સીમિત ગણાતી હતી. પરંતુ વર્તમાન ગુજરાત સરકારે રમતગમતને જે રીતે પ્રોત્સાહન આપ્યું છે તેનાથી આજે રાજ્યના યુવાનો નેશનલ અને ઈન્ટરનેશનલ મેદાન પર તિરંગો લહેરાવી રહ્યા છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરાવેલા 'ખેલ મહાકુંભ'ના બીજ આજે વટવૃક્ષ બની ચૂક્યા છે. ગુજરાત સરકારે આ અભિયાનને જે રીતે આગળ ધપાવ્યું છે, તેના લીધે આજે ગામડાંના છેવાડાના વિસ્તારોમાંથી પણ રમતવીરો શોધીને તેમને આંતરરાષ્ટ્રીય સ્તરનું કોચિંગ અને સુવિધાઓ આપવામાં આવી રહી છે. શાળાઓ અને કોલેજોમાંથી બહાર આવતી રમતગમતની પ્રતિભાઓને આજે યોગ્ય પ્લેટફોર્મ મળી રહ્યું છે. તેમજ અમદાવાદ ખાતે વિશ્વનું સૌથી મોટું 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ' અને તેની આસપાસ આકાર લઈ રહેલું સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એનક્લેવ ગુજરાતની રમતગમત ક્ષેત્રે વૈશ્વિક ઓળખ બનાવી ચૂક્યું છે.

રાજ્યના દરેક જિલ્લામાં અદ્યતન સ્પોર્ટ્સ સંકુલ અને સ્ટેડિયમ નિર્માણ પામ્યા છે, જ્યાં ખેલાડીઓને તમામ પ્રકારની રમતો માટે વિશ્વસ્તરીય સાધનો ઉપલબ્ધ કરાવાય છે. ખેલાડીઓને આર્થિક તંગીના કારણે રમત છોડવી ન પડે તે માટે ગુજરાત સરકારની 'શક્તિદૂત યોજના' વરદાન સાબિત થઈ છે. ખેલાડીઓના ડાયેટ, તાલીમ, કિટ અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે સરકાર દ્વારા લાખો રૂપિયાની આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મેડલ જીતનાર ખેલાડીઓને રોકડ પુરસ્કારો અને સરકારી નોકરીઓમાં અનામત આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

ભારત જ્યારે ૨૦૩૬ના ઓલિમ્પિક્સ ગેમ્સની યજમાની કરી રહ્યું છે, ત્યારે ગુજરાતે તેની પૂર્વતૈયારી રૂપે આયોજન શરૂ કરી દીધું છે. ઈન્ટરનેશનલ ઈવેન્ટ્સનું સફળ આયોજન કરવાની ગુજરાત સરકારની ક્ષમતાએ સાબિત કરી દીધું છે કે ગુજરાત ભવિષ્યના ઓલિમ્પિક્સ માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. રાષ્ટ્રીય રમતગમત દિવસ ૨૦૨૬ના આ અવસરે એ વાત સ્પષ્ટ થાય છે કે ગુજરાત સરકારે રમતગમતને માત્ર એક મનોરંજન નહીં, પણ યુવા સશક્તિકરણ, આત્મવિશ્વાસ અને રાષ્ટ્રનિર્માણનું મજબૂત માધ્યમ બનાવ્યું છે. 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત'નો નારો આજે રાજ્યના ઘરેઘરમાં ગુંજી રહ્યો છે.

### પોલીસે રૂ. ૪.૯૦ લાખનો મેડિકલ સામાન જપ્ત કર્યો

# દવાખાનું ખોલી સારવાર કરતાં ચાર મુન્નાભાઈ ઝડપાઈ ગયા

## પોલીસે પુણા-ઉમરવાડા વિસ્તારમાં અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી ચાર બોગસ ડોક્ટરોને ઝડપી પાડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરમાં ડિગ્રી કે માન્ય લાયકાત વગર મેડિકલ પ્રેક્ટિસ કરતા બોગસ ડોક્ટરો સામે પોલીસ દ્વારા કાર્યવાહી તેજ કરવામાં આવી છે. ઝોન-૧ એલસીબી અને પુણા પોલીસની સંયુક્ત ટીમે પુણા-ઉમરવાડા વિસ્તારમાં અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી ચાર બોગસ ડોક્ટરોને ઝડપી પાડ્યા છે.

પોલીસના જણાવ્યા મુજબ ઝડપાયેલા આરોપીઓ પૈકી કેટલાક માત્ર ૧૦મું, ૧૧મું કે ૧૨મું ધોરણ પાસ છે અને તેમ છતાં છેલ્લા કેટલાય વર્ષોથી ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરતા હોવાનું સામે આવ્યું છે.

પોલીસ કાર્યવાહીમાં ચારેય આરોપીઓ પાસેથી કુલ રૂ. ૪,૯૦,૯૮૧ની કિંમતનો મેડિકલ સામાન અને એલોપેથી દવાઓનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દવાઓ અને અન્ય મેડિકલ સામાન કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડિગ્રી વગર દર્દીઓની સારવાર કરતા હોવાની બાતમી સુરત શહેરમાં ડિગ્રી વગર મેડિકલ પ્રેક્ટિસ કરતા બોગસ ડોક્ટરોને શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે ઝોન-૧ એલસીબીની ટીમે બાતમીદારો પાસેથી માહિતી એકત્ર કરવાની કામગીરી શરૂ કરી હતી. પુણા-ઉમરવાડા વિસ્તારમાં કેટલાક લોકો કોઈ માન્ય મેડિકલ ડિગ્રી કે લાયસન્સ વગર ક્લિનિક અને દવાખાનાં ચલાવી દર્દીઓની સારવાર કરી રહ્યા છે.

બાતમીના આધારે એલસીબી અને પુણા પોલીસની ટીમે અલગ-અલગ સ્થળોએ તપાસ હાથ ધરી હતી. ચાર સ્થળોએ કાર્યવાહી, ચારેય શખ્સો ઝડપાયા પોલીસે પુણા-ઉમરવાડા વિસ્તારમાં કુલ ચાર સ્થળોએ કાર્યવાહી કરી હતી. જેમાં રાજીવનગર ઝૂંપડપટ્ટીના પ્લોટ નં. ૨૨૬, આશાનગર ઝૂંપડપટ્ટીના પ્લોટ નં. ૧૩૪ ખાતે આવેલ 'સંજીવ ચિકિત્સાલય', રાજીવનગર ઝૂંપડપટ્ટીના પ્લોટ નં. ૬૩૧ અને પ્લોટ નં. ૭૭ ખાતે તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ચારેય સ્થળોએ લોકો પોતાને ડોક્ટર તરીકે ઓળખાવી દર્દીઓની સારવાર કરતા હોવાનું પોલીસના ધ્યાનમાં આવ્યું હતું. પોલીસના જણાવ્યા પ્રમાણે આરોપીઓ પાસે કોઈ માન્ય મેડિકલ ડિગ્રી ન હોવા છતાં તેઓ એલોપેથી દવાઓનો ઉપયોગ કરીને બીમાર દર્દીઓની સારવાર કરતા હતા.

આરોપીઓ પાસે મેડિકલ પ્રેક્ટિસ માટે જરૂરી લાયસન્સ કે માન્ય આધાર ન હોવા છતાં દવાખાનાં ચલાવી દર્દીઓને સારવાર આપવામાં આવતી હોવાનો આક્ષેપ છે. ૧૦થી ૧૨ પાસ, છતાં વર્ષોથી 'ડોક્ટર' તરીકે પ્રેક્ટિસ પોલીસની કાર્યવાહીમાં ઝડપાયેલા ચારેય આરોપીઓની શૈક્ષણિક લાયકાત અને તેઓ કેટલા સમયથી મેડિકલ પ્રેક્ટિસ કરતા હતા તેની વિગતો પણ સામે આવી છે.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓ પૈકી કેટલાક માત્ર ૧૦મું, ૧૧મું અને ૧૨મું ધોરણ સુધી અભ્યાસ કરેલા છે. તેમ છતાં તેઓ લાંબા સમયથી ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરી રહ્યા હોવાનું તપાસમાં સામે આવ્યું છે. પોલીસે જણાવ્યું છે કે આ પ્રકારની ગેરકાયદેસર મેડિકલ પ્રેક્ટિસના કારણે યોગ્ય તબીબી લાયકાત વગર દર્દીઓની સારવાર થતી હોવાથી દર્દીઓના જીવન અને શારીરિક સલામતી સામે ગંભીર જોખમ ઊભું થઈ શકે છે. પકડાયેલા ચાર આરોપીઓ કોણ છે?

પોલીસે આ કેસમાં ચાર આરોપીઓની ધરપકડ કરી

૧. સમરબહાદુર ભિન્ગુ પાલ (ઉંમર ૫૨) — વ્યવસાયે ડોક્ટર તરીકે ઓળખાવતો હતો. તે ગોડાદરા વિસ્તારમાં વૃંદાવન પાર્ક સોસાયટીમાં રહેતો હોવાનું પોલીસની પ્રેસનોટમાં જણાવાયું છે. મૂળ ઉત્તર પ્રદેશના જોનપુર જિલ્લાના રહેવાસી હોવાનું સામે આવ્યું છે.

૨. તેજબહાદુર મીર્જારામભાઈ નિશાદ (ઉંમર ૫૩) — પુણા-ઉમરવાડાની આશાનગર ઝૂંપડપટ્ટીમાં રહેતો હતો અને ત્યાં 'સંજીવ ચિકિત્સાલય' નામે ક્લિનિક ચલાવતો હોવાનું પોલીસના ધ્યાનમાં આવ્યું છે. મૂળ ઉત્તર પ્રદેશના જોનપુર જિલ્લાના રહેવાસી હોવાનું જણાવાયું છે.

૩. પ્રશાંતભાઈ પ્રોમથનભાઈ માલાકર (ઉંમર ૩૭) — પુણા-ઉમરવાડા વિસ્તારમાં રહેતો હતો. મૂળ પશ્ચિમ બંગાળના ૨૪ પરગણા જિલ્લાના રહેવાસી હોવાનું પોલીસની પ્રેસનોટમાં જણાવાયું છે.

૪. સુબલ સુનિલ ગાચ્છી (ઉંમર ૪૨) — લિંબાયત વિસ્તારમાં રહેતો હતો અને મૂળ પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લાના રહેવાસી હોવાનું પોલીસના જણાવ્યા મુજબ સામે આવ્યું છે. રૂ. ૪.૯૦ લાખનો મેડિકલ જથ્થો કબજે પોલીસે ચારેય સ્થળેથી તપાસ દરમિયાન મેડિકલ પ્રેક્ટિસમાં ઉપયોગમાં લેવાતો સામાન તેમજ એલોપેથી દવાઓનો જથ્થો કબજે કર્યો હતો. સમગ્ર જપ્ત મુદ્દામાલની કુલ કિંમત રૂ. ૪,૯૦,૯૮૧ હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.

# અમદાવાદ BRTS કોરિડોરમાં 'સ્વિંગ ગેટ' બિસ્માર હાલતમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના BRTS કોરિડોરમાં વાહનોના અનધિકૃત પ્રવેશને અટકાવવા લગાવવામાં આવેલા 'સ્વિંગ ગેટ'ની સ્થિતિને લઈને સવાલો ઉઠ્યા છે. શહેરના કેટલાક વિસ્તારોમાં આ ગેટ ખરાબ થઈ ગયા હોવાની ફરિયાદો સામે આવી છે. ક્યાંક ગેટ તૂટી ગયા છે તો ક્યાંક ખુલ્લા રહેતા હોવાના કારણે સામાન્ય વાહનો સરળતાથી BRTS ટ્રેકમાં પ્રવેશી રહ્યા છે. આ મુદ્દો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ચર્ચાયો હતો. BRTS કોરિડોરમાં સામાન્ય વાહનોના પ્રવેશ પર નિયંત્રણ રાખવા માટે AMC દ્વારા સ્વિંગ ગેટની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ગેટનો હેતુ BRTS બસ અને જરૂરી ઈમર્જન્સી વાહનો સિવાયના વાહનોને કોરિડોરથી દૂર રાખવાનો છે. જોકે, ગેટમાં ખામી સર્જાતા વ્યવસ્થાનો હેતુ જ નિષ્ફળ થતો હોવાનું સામે આવ્યું છે.કેટલાક સ્થળોએ સ્વિંગ ગેટ તૂટી જવા અથવા ખુલ્લા જ રહેવાના કારણે વાહનચાલકોને BRTS કોરિડોરમાં પ્રવેશવાનો સરળ રસ્તો મળી જાય છે. પરિણામે BRTS બસો સાથે સામાન્ય વાહનોની અવરજવર વધે છે અને અકસ્માતની શક્યતા પણ વધી જાય છે. ખાસ કરીને ટ્રાફિકના વ્યસ્ત સમયે આ સ્થિતિ વધુ જોખમી બની શકે છે.

### હૃદયસ્પર્શી દ્રશ્યો સર્જાયા

# સુરતની લાજપોર જેલમાં ભાઈઓને જોતાં જ બહેનો ચોધાર આંસુએ રડી પડી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

પવિત્ર શ્રાવણ માસના રક્ષાબંધનના પર્વે આજે ચારેય તરફ ભાઈ-બહેનના પ્રેમ અને સ્નેહનો ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. આ દરમિયાન સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાંથી રક્ષાબંધનના પવિત્ર પર્વે કાળજું કંપાવી દેતાં અને અત્યંત ભાવુક કરી મૂકે તેવાં હૃદયસ્પર્શી દ્રશ્યો સામે આવ્યા છે. જેલના કડક અને ગંભીર માહોલ વચ્ચે આજે લાગણીઓનું ઘોડાપૂર ઉમટ્યું હતું, જ્યારે પોતાના જેલવાસી ભાઈને રાખડી બાંધવા માટે સોંકડો બહેનો હાથમાં થાળી, મીઠાઈ અને રાખડી લઈને જેલના દરવાજે પહોંચી હતી.

પોતાના ભાઈના દીર્ઘાયુ અને સુરક્ષાની પ્રાર્થના સાથે જેલમાં પહોંચેલી બહેનોએ જ્યારે લાંબા સમય બાદ પોતાના ભાઈને રૂબરૂ જોયો, ત્યારે તેમની આંખોમાંથી ચોધાર આંસુ વહી નીકળ્યા હતા. લાજપોર જેલમાં જેવા ભાઈ-બહેન સામસામે આવ્યા કે વાતાવરણ અત્યંત ગમગીન બની ગયું હતું.

બહેને જ્યારે ધ્રૂજતા હાથે ભાઈના કાંડે રક્ષાસૂત્ર બાંધ્યું અને મોં મીઠું કરાવ્યું, ત્યારે બહેનની આ નિઃસ્વાર્થ લાગણી અને આંસુ જોઈને જેલમાં બંધ કઠણ દિલનો ભાઈ પણ પોતાના આંસુ રોકી શક્યો નહોતો અને પોક મૂકીને રડી પડ્યો હતો. ભાઈના કાંડે રક્ષાકવચ બાંધ્યા બાદ બહેને આંસુ ભરી આંખે ભાઈ પાસે એક જ વચન માંગ્યું હતું અને કરુણ સાદે વિનંતી કરી હતી કે, "હવે ગુનાની દુનિયા છોડી દે અને જેલમાંથી બહાર આવીને સાચા માર્ગે ચાલજે" બહેનની આ પવિત્ર શિખામણ અને આંતરિક લાગણીથી સમગ્ર લાજપોર જેલનું પરિસર અત્યંત ભાવુક બની ગયું હતું. જેલના સળિયા પાછળ સર્જાયેલા આ કાળજું કંપાવનારા દ્રશ્યો જોઈને ત્યાં હાજર જેલ સ્ટાફ અને અન્ય લોકોની આંખો પણ ભીની થઈ ગઈ હતી.

# છોટા ઉદેપુરમાં કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)છોટા ઉદેપુર

દારૂબંધીના કાયદાના કડક અમલ અંતર્ગત છોટા ઉદેપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ને મોટી સફળતા સાંપડી છે. ન્ઝમ્ની ટીમે ડોન બોસ્કો બ્રિજ પાસે એક બિનવારસી ઈનોવા કારમાંથી ૩.૯૬ લાખ રૂપિયાથી વધુની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે કાર સહિત કુલ ૧૩.૯૬ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર કારચાલક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. LCB સ્ટાફ છોટા ઉદેપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન LCBના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એફ. ડામોરને ચોક્કસ બાતમી મળી હતી કે, અંબાલા ગામ તરફથી છોટા ઉદેપુર તરફ આવી રહેલી એક કાર (નંબર: GJ-01-WJ-8172)માં ગેરકાયદે વિદેશી દારૂ વહન કરવામાં આવી રહ્યો છે.આ બાતમીના આધારે પોલીસે સુરખેડા ગામે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી વાળી કાર આવતાં પોલીસે તેને રોકવાનો ઈશારો કર્યો હતો, પરંતુ કારચાલકે ગાડી ઊભી રાખવાને બદલે છોટાઉદેપુર તરફ ભગાવી મૂકી હતી. પોલીસે તાત્કાલિક તેનો પીછો કર્યો હતો.